**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦

વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા(કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી. ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧. ફોન : ૩૨૯૦૫૦૭

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય | તંત્રી | ૩ |
| નવું વરસ | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| એવો યોગ કરું | યોગેશ્વરજી | ૧૩ |
| સત્કર્મની સરવાણી | નારાયણ હ. જાની | ૧૪ |
| એક પ્રજ્ઞાચક્ષુ સાધુ | ભાણદેવજી | ૧૯ |
| કાલીનું દર્શન | નારાયણ હ. જાની | ૨૯ |
| ન્યારી'તી દિવ્ય વાત્સલ્યધારા | મૃદુલા મહેતા | ૩૪ |
| પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની રોજનીશી | મા સર્વેશ્વરી | ૪૧ |
| કર્તૃત્વ રહસ્ય | સ્વામ ચિદાનંદ સરસ્વતી | ૪૮ |
| મૃત્યુ સાથે મુલાકાત | કુન્દનીકા કાપડીયા | ૫૯ |


**ભક્તિસુધા**

નિંદા કરું ન કોઇની, રહું નિરપેક્ષ સદાય;
વાણી વશ રાખું સદા, કરું ન ક્રોધ કદાય. ૪૬
અહંતા ને મમતા ત્યજી, કરી વેરનો ત્યાગ;
સમદર્શી રહું સર્વમાં, ત્યજી દ્વેષ ને રાગ. ૪૭
જે વસ્તુ આવી મળે, તેમાં ર્‌હો સંતોષ;
હર્ષખેદને દૂર કરી, દેખું નહિ પરદોષ. ૪૮
મન—ઈંદ્રિય વશ રે' સદા, સુખદુ:ખમાં સમભાન;
સહનશીલ રહું હું સદા, ત્યજી ક્રોધ—અભિમાન. ૪૯

**(મહારાજશ્રીનથુરામશર્મા)**

# સદ્ભાવભરી અભિનંદનીય સહાય

કેનેડાના ટોરન્ટો શહેરમાં ૧૯૮૧ થી શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રની જ્યોત્ ભક્તદંપતી શ્રી સુરેશભાઈ શાહ, શ્રીમતી વિમળાબેન શાહે પ્રગટાવી છે. આજે તો તે દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રકાશિત થઈ રહી છે.

અતિનિયમિત સત્સંગ, અતિનિયમિત આરતી અને કેન્દ્રના સૌ સભ્યોની નિયમિત હાજરી અને પોતાના આંગણે સત્સંગ રાખીને અપાતી ભેટ અને વિશેષ દિવસોમાં આવતી ભેટ. બધું જ નોંધપાત્ર છે.

એ કેન્દ્રના સર્વ ભાઈબેનોની શુભેચ્છાનો શ્રી-લક્ષ્મીજીનો પ્રસાદ અધ્યાત્મને પણ પ્રાપ્ત થયો છે, તેનો આનંદ છે.

આ માસના અધ્યાત્મનો સંપૂર્ણ પ્રકાશન ખર્ચ એ કેન્દ્ર ઉપાડી રહ્યું છે.

ધન્યવાદ, હે ધ્યાનકેન્દ્ર, ધન્યવાદ કેન્દ્રના સૌ ભાઈબેનોને, ધન્યવાદ હે ભક્તદંપતી સુરેશભાઈ શાહ અને વિમળાબેન શાહને.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટનું આ પ્રકાશન જીવન-ભર આપ સૌના હાથમાં સુરક્ષિત રહો એ જ પ્રાર્થના.

– તંત્રીશ્રી



(૨૦૦૯ના ઈશુના નવા વર્ષ નિમિત્તે)

# નવું વરસ

શ્રી યોગેશ્વરજી

નવું વરસ.

નવું વરસ આવ્યું ને ગયું.

નવાં નવાં વસ્ત્રો પહેર્યાં. મિષ્ટ ભોજન કર્યાં. તે દિવસે રોજ મોડાં ઉઠતાં તે પણ વહેલાં ઉઠ્યાં. નહાયાં ધોયાં, પરવાર્યાં. દેવમંદિરોમાં દર્શને ગયા. મિત્રોને, સ્વજનોને, વડીલોને, ગુરુજનો ને પૂજ્ય પુરુષોને મળ્યાં. નૂતન વર્ષાભિનંદન કહ્યાં. સાલમુબારક કર્યા. પાસે ને સાથે હતાં તેમને પ્રત્યક્ષ મળીને, દૂર હતાં તેમને ટપાલ લખીને, ટેલીફોનથી, તાર કરીને.

કોઈએ સિનેમાનો કાર્યક્રમ બનાવ્યો તો કોઈએ પાર્ટી યોજી.

દિવસ વીત્યો ને રાત પણ પૂરી થઈ. ફટાકડા ફૂટ્યા, ફૂટતા જ રહ્યા. રાતભર દારુખાનું ખાલી થયું. એના એકધારા અસહ્ય અવાજમાં શાંતિથી ક્યારે ઊંઘાયું તેની ખબર પણ ના પડી.

નવું વરસ આવ્યું ને ગયું.

વળી પાછા એવા ને એવા. વરસ કેલેન્ડરની ગણતરીથી નવું કિન્તુ આપણે નવા નહીં. વરસ બદલાયું પરંતુ આપણે ના બદલાયા. નવો આનંદ નહીં. શાંતિ નહીં. સંતૃપ્તિ નહીં. સુખાકારી કે સાધના નહીં.

એવું જ બોલવાનું, એવું જ ચાલવાનું. એ જ પ્રમાણે વર્તવાનું. એવો જ કામ, ક્રોધ, લોભ, મોહ, સ્વાર્થ, અહંકાર. એવો જ રાગદ્વેષ. એવી જ સંકુચિતતા. સાંપ્રદાયિક અને બીજી

કટ્ટરતા. એવાં જ લાંચરુશ્વત, પ્રમાદ, કર્તવ્ય ના કરવાની, બીજાનું સારું જોઇને જલવાની, બીજાના સમુત્કર્ષને સહી ના શકવાની ક્ષુલ્લકતા. વ્યસનો મટ્યાં નહીં. દુર્ગુણ ગયા નહીં. કુટેવોમાંથી મુક્તિ મળી નહીં. કુવિચાર, કુભાવ, કુસંસ્કાર, કુકર્મના સ્થાને સુવિચાર, સદ્‌ભાવ, સુસંસ્કાર, સત્કર્મ, આવ્યાં નહીં, દેખાયાં નહીં. કાર્ય કરતાં થયાં નહીં. પોતે જમ્યા પણ ભૂખ્યાને ના જમાડ્યાં. ભૂખ્યાને ભોજન કરાવવાનો, તરસ્યાંની તરસ શમાવવાનો, સંતપ્તને છાયા આપવાનો, અનાથના આધાર થવાનો, દુઃખીને દિલાસો દેવાનો, વ્યાધિગ્રસ્તને વ્યાધિમુક્ત કરવાનો, માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવાનો; કોઇનું ઘર વસાવવાનો, કોઇના શરીર પર વસ્ત્ર વીંટવાનો, કોઇના અશ્રુને લૂછવાનો, કોઇક બેકારની આંગળી પકડીને કામ અપાવવાનો, આર્તને આશ્વાસન આપવાનો, ભૂલેલાના ભોમિયા બનવાનો; અન્યાય, આતંક, અનાચાર, અધર્મ, શોષણ, અવિદ્યાનો પ્રતિકાર કરવાનો; વિચારે ના કર્યો. કોઇ નવું વ્રત ના લીધું. તપ ના કર્યું. જપ, ધ્યાન, પ્રાર્થના, સંયમ, સ્વાધ્યાય દાનનો કાર્યક્રમ ના ઘડ્યો. મન નવું ના થયું. ઘર નવું ના થયું. નવા સુમેળની, સંપની, સહયોગની અવનવી યોજનાને ના બનાવી. વરસોથી જેવું થતું આવેલું તેવું જ થયું. સદી ગયેલું તેમજ સહી ગયેલું દેખાયું. કર્તવ્યનિષ્ઠ થવાની, હરામનું ના ખાવાની, પરધનને પથ્થર સમજવાની, વૃત્તિ ના વિકસી.

દૃષ્ટિ, વૃત્તિ, પ્રવૃત્તિ, એવી જ અકબંધ રહી. નવું વરસ આવ્યું ને ગયું. અલબત્ત—કેલેન્ડરમાં. પરંતુ જીવનમાં ના આવ્યું.

જીવનમાં આવત તો જાત નહીં. ચમત્કારરૂપ બનત. ઉત્સવ ધરત, આશીર્વાદરૂપ ઠરત.



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૧ જાન્યુઆરી—૨૦૦૯ અંક ૪**

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૨૪—૧—૮૨ રવિવાર પોષ વદ અમાસ ૨૦૩૮**

**સ્થળ : 'પરિમલ', ૪૦ બી, રીજરોડ, મુંબઈ.**

સવારે પૂ. શ્રી ૭ વાગ્યે સ્નાન કરી લે છે, પણ તે પહેલાં રાત્રે ૧ વાગ્યાથી જપ કરે છે. ઓરડામાં આંટા મારતા મારતા જપ ૩ વાગ્યા સુધી કરે છે. પછી સર્વેશ્વરીને ઉઠાડે છે. જેથી ૩ થી ૭ સાધના થાય છે.

સ્નાનબાદ પૂ. શ્રી નિયમિત થતો વ્યાયામ કરી લે છે. ૧૦ વાગ્યે દૂધ લે છે. તે પહેલાં એટલે કે ૮ થી લેખનકાર્ય ચાલુ થઇ જાય છે. પોણાબાર સુધી લેખનકાર્ય ચાલુ જ રહે છે.

નીચે સમયસર મુલાકાત માટે પૂ. શ્રી પધારે છે, ત્યારે ભોજન તૈયાર હોય છે. તેથી ભોજન લઇ લેવાનું બને છે.

ભોજનબાદ પૂ. શ્રી જ્યારે ફરીથી દિવાનખંડમાં આવે છે

ત્યારે શ્રી જીતુભાઇ, શ્રી જે. વી. શાહ, શ્રી દેવેન્દ્રકુમાર વૈદ્ય, શ્રી ભાનુશંકર નાયક તથા બીજા બે–ત્રણ ભાઇઓ બેઠા હતા. શ્રી જયંતિભાઇ ઘીવાળા પણ આવ્યા હતા.

મુલાકાત દરમ્યાન ખાસ નોંધને યોગ્ય વાતો ન થઇ. મુલાકાત બાદ પૂ. શ્રીએ અમદાવાદ શ્રી તારાબેન (પૂ. શ્રીનાં નાનાબેન) સાથે ફોનથી વાતો કરી.

પૂ. શ્રી ઉપર પોતાના ઓરડામાં જાય છે, અને સાડાચાર વાગ્યા સુધી લેખનકાર્ય કરે છે. પછી થોડો આરામ કરે છે.

સાંજે છ વાગે મુલાકાતનો સમય થતાં પૂ. શ્રી આજે પીળી પાતળી શાલ ઓઢીને નીચે આવે છે.

એક ભાઇને ઊંઘ આવતી નથી. એ મળવા માટે આવે છે. પૂ. શ્રીએ તેમને કહ્યું, તમે નહિ કહો તો પણ હું જાણું છું. તમારી મુશ્કેલીઓને સમજું છું. પ્રભુનું સ્મરણ કરો.

સંત સુખીયા અને તે વિના બધા દુઃખીયા. પણ આજે તો કળીયુગમાં સંતો પણ દુઃખીયા છે. ભગવાનની ભક્તિ કરે તે સુખી.

આજે મુલાકાતીઓ આવીને બેઠા છે તેમના માટે ચ્હા આપવાની તૈયારી ચાલતી હતી ત્યાં જ પૂ. શ્રી સમય થતાં આવે છે. પૂ. શ્રીની અનુમતિ લેવામાં આવે છે કે સૌને અહીં ચ્હા આપી દઇએ. પૂ. શ્રીએ કહ્યું, સત્સંગની શિસ્ત એવી છે કે ત્યાં પાણી કે ચ્હા આપવાં તે યોગ્ય નથી. હા, જેને તરસ લાગી હોય તે પાણી એક તરફ મૂક્યું હોય તો પી શકાય. હવે ચ્હા બનાવી જ છે ને યજમાનની ભાવના છે તો ત્યાં (રસોડા તરફ ટેબલ છે) ત્યાં જઇને જેને પીવી હોય તે ચ્હા પી શકે છે.



પૂ. શ્રી એ રીતે સત્સંગમાં શિસ્ત પાલનનો આગ્રહ રાખે છે. અને તે ભારતમાં જ નહી પરદેશમાં પણ. અમેરિકામાં પણ એકવાર એવું બનેલું. પૂ. શ્રીએ ત્યાં પણ શિસ્તનું પાલન કરાવ્યું હતું.

થોડી વાતો થઇ પછી પૂ. શ્રીએ સૌને કહ્યું–કંઇ પૂછવું હોય તો પૂછો.

જેથી એક ભાઇ પ્રશ્ન પૂછવાની શરૂઆત કરે છે.

પ્રશ્ન : ભારતનું કલુષિત વાતાવરણ ક્યારે સુધરશે?

પૂ. શ્રી : આપણે ત્યાં કહેવત છે. ‘યથા રાજા તથા પ્રજા.’ પહેલાંની દેશની નેતાગીરીમાંથી ત્યાગ ને સેવાની પ્રેરણા મળતી તે હવે મળતી નથી. બીજું જેવી પ્રજા તેવો રાજા. પ્રજામાંથી જ નેતા પાકે છે. આજકાલ સમાજનો ભણેલો વર્ગ ઘણી જગ્યાએ મત આપવા જતો જ નથી. એથી આમજનતા બને તેટલી જાગ્રત નથી. દરેક ચૂંટણીમાં પરદેશની જેમ તમે નેતાગીરી બદલી શકતા નથી.

પૂ. શ્રી ઉત્તર પછી મૌન રહે છે. મુલાકાતીઓ પણ કશું જ પૂછ્યા વિના શાંતિથી બેઠા છે. જેથી થોડીવાર પછી પૂ. શ્રીએ કહ્યું : એક ભજન ગવડાવો જેથી ત્યાં સુધી કોઇને પૂછવું હોય તો વિચાર કરે.

જેથી સર્વેશ્વરીએ એક ભજન ગવડાવ્યું. ભજનબાદ ફરીથી શાંતિ છવાઇ ગઇ. જેથી પૂ. શ્રીએ સર્વેશ્વરીને ડાયરીનો એક દિવસ વાંચવા જણાવ્યો. સર્વેશ્વરી એક દિવસની નોંધ વાંચે છે.

ત્યાર પછી પ્રશ્ન પૂછવાની ફરી શરૂઆત મુલાકાતીઓ કરે છે.

પ્રશ્ન : જીવાત્મા અવિનાશી છે તો તે દુષ્કૃત્યો કેમ કરે છે?

પૂ. શ્રી : તમારી પાસે ખિસ્સામાં પૈસા હોય પણ તેની તમને ખબર ન હોય તો તમે બીજા પાસે પૈસા માંગો કે નહિ? પછી કદાચ કોઈ ધ્યાન દોરે કે બતાવે તો તમને ખબર પડે કે હા, ખિસ્સામાં પૈસા છે.

જ્યારે આત્માને પોતાના અનુભવવાળું જ્ઞાન થાય પછી તેનાથી અપકૃત્ય ન થાય. જ્યાં સુધી પોતાના સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી સારાનરસાં કામો થયાં કરે છે.

પ્રશ્ન : જપ કરવા બેસીએ ત્યારે મોટેથી બોલીએ તો મન સ્થિર થાય, પણ શાંતિથી મનમાં જપ શરૂ કરીએ ત્યાં જ મન દોડાદોડ કરવા માંડે છે.

પૂ. શ્રી : તમે અત્યાર સુધી જગતના જ સંકલ્પ વિકલ્પો કર્યા છે તો તેની અસર એકદમ ન જાય. જેથી ધ્યાન, પ્રાર્થના ને સાધના જેમ બને તેમ વધારવી. અર્જુનને પણ આ જ પ્રશ્ન હતો. તોફાની, હઠીલું, જક્કી, ચંચળ મનને વશ કરવું અઘરું છે. વારંવારના અભ્યાસથી મન સ્થિર થશે. મન વૈરાગ્યવાળું બને. હમણાં મન સંસારના રાગવાળું છે. તે રાગ દૂર થાય ને ભગવાનનો પ્રેમ વધે તો મન સ્થિર થઈ જાય.

એક જ ઘરમાં બે ભાડૂત ન રહી શકે, એમ કાયદો કહે છે. તેમ માનવરૂપી ઘરમાં સંસારનો રાગ ને પ્રભુપ્રેમ ન રહી શકે. સંસારનો રાગ તમારા મનનો કબ્જો છોડતો જ નથી તો શું કરશો? સાધના, એ અંગેના વિચારો અભ્યાસ કરવાથી મનનું બળ ઘટી જશે. મન વશ થઈ જાય. અનંત જન્મોથી વિષયોનું જ ભંડોળ ભેગું થયું છે તે ધીરે ધીરે અભ્યાસથી જ ઘટશે.

પ્રશ્ન : ઈશ્વરની ઈચ્છા વિના પાંદડું પણ ન હાલે તો ઈશ્વરની



ઈચ્છાથી જ માનવ ખરાબ કામો કરે છે?

પૂ. શ્રીઃ- અહીં ઈચ્છાનો વિશાળ સંદર્ભમાં અર્થ લઈએ તો ઈશ્વરની શક્તિ કે હાજરી કે ચેતના છે તેથી તે બધાં કામ કરી શકે છે.

પણ ક્યાં કામો કરવાં ને ક્યાં ન કરવાં તે તો આપણે જ નક્કી કરીને કરતાં હોઈએ છીએ. પ્રભુની સત્તા હોવાથી મન વિચાર કરી શકે છે.

આપણું તો જ્યાં સુધી સારું કામ ચાલે ત્યાં સુધી આનંદ પામીએ ને જરાક વાંકુ થાય એટલે ભગવાનને દોષ દઈએ છીએ.

ઘણીવાર કોઈ ખરાબ કામના વિચારો આવે તો આત્મા આપણને સૂચવે છે. શુભ સંસ્કારો આપણને દોરે છે, પણ તે આપણે લક્ષમાં લેતા નથી.

દર્દીને ઝાડા થાય ને ડોક્ટર દર્દીને કહે મીઠાઈ ના ખાશો. પણ આપણે મીઠાઈ ખાધે જ રાખીએ તો એમાં ડોક્ટરની ભૂલ કે ડોક્ટરનો દોષ છે ખરો? એ રીતે ખરાબ કર્મોમાં ભગવાન જવાબદાર નથી.

તમારે વહેલું ઊઠવું છે તો એમાં ભગવાનની ઈચ્છા જોવાની છે! હા, એલાર્મથી જાગો પણ ઘણીવાર એલાર્મ પણ બંધ કરીને ફરી સૂઈ જઈએ છીએ. તો તેમાં એલાર્મનો દોષ નથી. તેમ સંતોના અવાજો આપણે સાંભળવા નથી. સંભળાય તો તેને આપણે બંધ કરી દઈએ છીએ.

પ્રશ્નોત્તરી બાદ પૂ. શ્રીએ સર્વેશ્વરી પાસે બે ભજનો ગવડાવ્યાં. ત્યારબાદ પૂ. શ્રીએ કહ્યું, આજે આપણે સર્વેશ્વરીને બે–ત્રણ પ્રશ્નો પૂછીએ જેથી વિદેશની યાત્રા વિષે જાણવાનું મળે.

પૂ. શ્રી સર્વેશ્વરીને પૂછે છે : આપને વિદેશયાત્રા દરમ્યાન કોઈ એવા અનુભવ થયા કે જેમાં દૂર દૂરની ઘટનાની વાત જાણવા મળી હોય?

સર્વેશ્વરીએ એના અનુસંધાનમાં ત્રણ પ્રસંગો કહી સંભળાવ્યા.

પૂ. શ્રી : તમે મહાત્માજી સાથે વિદેશમાં દરરોજ માલપાણી જ ખાતાં અને યોગેશ્વરજીએ કંઈ એક વાર વાસણ સાફ કરેલાં તે વાત સાચી?

સર્વેશ્વરીએ એના અનુસંધાનમાં પૂ. શ્રીનું પ્રિય ભોજન ખીચડીની વાત કરી અને ઘણી ના કહેવા છતાં કેનેડામાં પૂ. શ્રીએ ત્રણેક દિવસ વાસણ સાફ કરવામાં મદદ કરેલી, તે વાત જણાવી.

પૂ. શ્રી : વિદેશમાં આપને બધી વસ્તુ બધા આપતા હતા તે બધી અહીં લાવ્યા છો?

સર્વેશ્વરીએ વિદેશયાત્રા દરમ્યાન કેટલાયે ભાવિકોએ આપવા માંડેલા કપડાં વગેરે ન લીધાં, એક બેને સોનાની બુટ્ટીઓ આપી, તે પણ ન લીધી તે વાતો વિગતવાર કહી સંભળાવી.

વળી એક ભજન ગાઓ એવી પૂ. શ્રીની આજ્ઞા સામે સર્વેશ્વરીએ ભજનને બદલે ડાયરીનું એક પાનું વાંચી સંભળાવ્યું.

સૌએ પ્રણામ કરી વિદાય લીધી. પૂ. શ્રીએ આજે ફળ–દૂધ લીધાં. પછી ૧૦ થી ૧૦–૪૫ સુધી ધ્યાનમાં બેઠા. યજમાન પરિવારનાં શ્રી પ્રવીણાબેન પણ ધ્યાનમાં બેઠાં.

ધ્યાન દરમ્યાન આજે સર્વેશ્વરીને પૂ. શ્રીના યુવાનીના મુખમંડળનું ખૂબ સ્પષ્ટ દર્શન થયું. પ્રવીણાબેનને પણ ધ્યાનમાં



આનંદ આવ્યો.

ધ્યાનબાદ થોડો આરામ કર્યો. રાત્રે ૩–૩૦ થી ૭–૦૦ સુધી આજે પણ જપ, ધ્યાન, પ્રાર્થના વગેરે પૂ. શ્રી ને સર્વેશ્વરી બંનેએ કર્યું.

હરિઃ ૐ (ક્રમશઃ)

આ શરીરનો કાંઈ જ ભરોસો નથી. મૃત્યુ પણ વધારે ભાગે અચાનક જ આવે છે. એટલે સમજુ માણસે પ્રમાદનો પરિત્યાગ કરીને મળેલા સારા સમયનો સદુપયોગ કરીને જીવનને સફળ કરવા બનતો પ્રયાસ કરવો જોઈએ. —યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# એવો યોગ કરું

શ્રી યોગેશ્વરજી

હવે હું એવો યોગ કરું.
પ્રેમપ્રદીપ જીવની જવાળા, તપનું તેલ ભરું;
આતુરતા અંગારે એમાં પૂર્ણ પ્રકાશ કરું. હવે૦...

કંઠી કરુણા, ભસ્મ ભાવની, મનની માળ ધરું;
સુરતાને સાંધીને ચરણે આવી રોજ મળું. હવે૦...

શીલતણા સાધનથી સહેજે આ સંસાર તરું;
નામ નાવમાં નેહ કરીને દિન ને રાત ફરું. હવે૦...

રાગ હૃદયથી કરું તમોને, દિલનું દાન કરું;
તન મન અંતરની આરતિ ને પ્રેમપ્રસાદ ધરું. હવે૦...

પાગલ પરમપંથ છે ત્યારે ભટકી કેમ મરું;
સમતાની સિદ્ધિ પામીને કાય કૃતાર્થ કરું. હવે૦...

**સમસ્ત ભય અને ચિંતા ઈચ્છાઓનું પરિણામ છે.**
**ઈન્દ્રિયોથી મર્યાદિત થયેલા પ્રદેશનું જ જ્ઞાન બુદ્ધિ આપી શકે છે.**
**ચિત્તનો વિક્ષેપ એ પ્રગતિના માર્ગમાં મોટી નડતર જેવો છે.**

**'અજ્ઞાત'**



# સત્કર્મની સરવાણી

નારાયણ હ. જાની

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના ભારત આગમન સાથે જ સ્વર્ગારોહણમાં એક સાથે ચાર વસ્તુઓ શરૂ થઈ જાય. સાધકોનું આગમન, સત્સંગ, સાધના અને સત્કર્મો. પૂ. માની ઉપસ્થિતિ જ જાણે સમગ્ર વાતાવરણને અદ્ભુત આધ્યાત્મિક ચેતનાનો ઝગારો આપી જાય. સ્થૂલ અને સૂક્ષ્મ બધાં જ જાણે પૂ. માના આગમનની મૂક પણે પ્રતીક્ષા ના કરી રહ્યાં હોય! જાણે સૌને ઠરવાનું ઠામ મળી ગયું. એવું દેખાય આવે.

આ વર્ષે પૂ. મા પોતાના જન્મદિન ૧૩ નવેમ્બરે, સ્વર્ગારોહણમાં ન હતાં. છતાં શ્રદ્ધાભક્તિયુક્ત સાધક ભાઈબહેનોએ જાણે તે દિનની ઉજવણી પૂ. મા પ્રત્યક્ષ હોય તેવા ભાવથી કરી.

તો પૂ. માના જન્મદિન નિમિત્તે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી અહીંથી ૩૦ કિ. મી. દૂરના કોસિયા તરફના ચાર ગામોમાં બુંદી અને ગાંઠિયાનો પ્રસાદ લગભગ ૧૫૦૦ ભાઈબહેનોને વહેંચવામાં આવ્યો.

પૂ. માનો એક ભાવ કે જે બાળકો, વૃદ્ધો, અશક્તો અનાથો, અપંગો તો અહીં આવવાથી સ્વર્ગારોહણનો પ્રસાદ અચૂક પામે છે. પરંતુ બીજા કેટલાય ગામમાં એવા છે, જેમને અહીં આવવાનું કોઈ નિમિત્ત બનતું નથી, તેવા ભાઈબહેનોને આપણે ગામે જઈને સ્વર્ગારોહણનો પ્રસાદ પહોંચાડીએ. કેવળ સહુની શુભકામનાથી પ્રેરાઈને આ સત્કર્મ પૂ. માની પ્રેરણા અને આજ્ઞાથી ટ્રસ્ટ કરી રહ્યું છે. સદ્ભાવનાનું વાવેલું આ બીજ આ

લાભાર્થીઓમાંથી કોઈના જીવનમાં પણ આધ્યાત્મિકતા જગાડી જાય તો કરેલ પુરુષાર્થ સફળ છે.

## નવા પ્રકારના સત્કર્મનો પ્રારંભ

આ વર્ષે અધ્યાત્મના તંત્રીને ૯૦ મું વર્ષ બેઠું. તેમના જન્મદિને તો પૂ. મા મુંબઈ હતાં.

પરંતુ તેમનો ભાવ કે પૂ. મા તે દિવસ પછી જ્યારે પણ મળે, ત્યારે નવા જન્મદિનનો પ્રારંભ ગણવામાં શો વાંધો?

તો તા. ૨૮–૧૧–૦૮ ના રોજ અંબાજી ખાતેના સ્વર્ગારોહણના દ્વારે એક નવા જ પ્રકારના સત્કર્મનો પ્રારંભ થયો.

અંબાજીમાં રોજ સવારે ઘણી બધી આદિવાસી બહેનો દૂર દૂરથી લાકડાના ભારા માથે લઈ વેચવા આવે છે આમાં મોટી બહેનો સાથે નાની આઠ–દસ વર્ષની દીકરીઓ પણ હોય, તો વૃદ્ધ બહેનો પણ. પાંચ સાત કિલોમીટરથી મણ બે મણ ભાર માથે ઊંચકીને લઈને આવતાં થાક પણ લાગે ને ભૂખ પણ. એટલે ટ્રસ્ટે રોજ સવારે આ ભારાવાળાં બહેનોને પ્રસાદમાં મોટું બીસ્કીટનું પેકેટ આપવું એવું નક્કી કર્યું. ઉપરાંત, કોઈ સાધક ભાઈબેનને પોતાના જન્મજિન નિમિત્તે લોટા, પ્યાલા કે વસ્ત્ર આપવાં હોય તો તે આપી શકે. પ્રથમ દિવસે શ્રી રાજુભાઈ જાનીએ એમના પિતાજીના હસ્તે બીસ્કીટ ઉપરાંત શરીર લૂછવાના મોટા રૂમાલો પણ ભારાવાળી બેનોને બીસ્કીટ સાથે અપાવ્યા.

દિનપ્રતિદિન આ ભારા લાવનારા બેનોની સંખ્યા વધતી રહી છે. વધીને તે ૬૦માંથી ૧૫૦ સુધી પહોંચી છે. આ સેવા યજ્ઞ સ્વર્ગારોહણના દ્વારે સવારે ૬–૦૦ થી ૭–૦૦ સુધી ચાલે



છે. સેવાનું સૂત્ર છે જે માથે ભારો લઈ ચાલીને આવે છે, તેને પૂ. માના આ બીસ્કીટનો પ્રસાદ પામવાનો હક્ક છે.

પૂ. મા નોંધે છે કે વિદેશમાં તેઓને જે કવરો ધરવામાં આવે છે, તેનો ઉપયોગ આવાં સત્કર્મોમાં થાય છે.

## વૃદ્ધ, અનાથ અને અશક્તોને સહાય

તા. ૨૯ નવેમ્બરના રોજ સ્વર્ગારોહણ અંબાજીમાં આસપાસના ૩૦ કિ. મી. દૂરના સાતપુર, રૂપપુરા, સવાલી, માછલા ને હાથીપગલા ગામોના ૧૦૮ અપંગ, અનાથ અસહાય પરિવારોને સહાય પેટે તેઓએ કદી જોઈ કે કલ્પી ના હોય તેવી વસ્તુઓ ને અનાજ મળ્યાં. આ સહાયમાં દરેકને ૨૦ કી. બાજરી ને ૫ કી. કઠોળ ઉપરાંત ગરમ ધાબળો, શેત્રંજી, ટૂવાલ, સ્ટીલનાં તાસક, ગ્લાસ ને વાટકો ઉપરાંત પ્રસાદમાં મોહનથાળ, બીસ્કીટ, બુંદી, ગાંઠીયા, ચણાસીંગ, વેફર તેમજ રૂા. ૫૦ ની રોકડ સહાય મળ્યાં.

આ સત્કર્મ માટેની આર્થિક સહાય અમેરિકાનાં શ્રી રૂક્ષ્મણિબેન અને પ્રભુદાસભાઈ તરફથી મળેલ. તેમના પુત્ર શ્રી રોહિતભાઈ તેમજ તેમના ધર્મપત્ની શ્રીમતી ભાવનાબેને પ્રત્યક્ષ હાજર રહી મુખ્ય વસ્તુઓનું પ્રદાન તેમના હાથે કર્યું હતું, એટલું જ નહિ પણ દરેક લાભાર્થીને રૂા. ૫૦ પણ તેઓએ આપ્યા હતા.

પ્રારંભમાં સત્કર્મનો પ્રારંભ શ્રી રોહિતભાઈ તેમજ તેમના પત્ની શ્રી ભાવનાબેન તેમજ પૂ. માના પરિવારના શ્રી ભારતીબેન વગેરેના હાથે દીપ પ્રકટાવી કરવામાં આવ્યું હતું.

આ સત્કર્મ અંગેની વિગત આપતાં શ્રી રાજુભાઈ જાનીએ કહ્યું હતું કે શ્રી પ્રભુભાઈ અને શ્રી રૂક્ષ્મણીબેન દર વર્ષે અહીં

સત્કર્મ કરતાં જ રહે છે. આ વર્ષે એમના પુત્ર અને પુત્રવધૂ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા છે, તે આનંદની વાત છે.

શ્રી રોહિતભાઇએ કહ્યું હતું કે પૂ. માશ્રી સર્વેશ્વરીની કૃપાથી જ અમે આ સત્કર્મ કરવા ભાગ્યશાળી થયા છીએ. પોતાના દાનનો કેવો સરસ ઉપયોગ થાય છે તેનું પ્રત્યક્ષ દર્શન અહીં દાતાને થાય છે. પૂ. મા અમારી પાસે આવું દાન કરાવતાં જ રહેજો, એવી ભાવના વ્યક્ત કરે છે.

અહીં આપવામાં આવેલ પ્રસાદ વિતરણનાં સહભાગી નાના દાતાઓ હતા. શ્રીમતી હસુબેન ગોહિલ—મોહનથાળ, ચિ. દૃષ્ટા શુક્લ—બીસ્કીટ, શ્રી હેમાલીબેન, છાયાબેન—વેફર, ભાનુબેન—સીંગચણા ઉપરાંત બુંદી—ગાંઠીયાનો વગેરે પ્રસાદ પણ બીજાઓ તરફથી આપવામાં આવ્યો.

## શ્રી છાયાબેન

શ્રી છાયાબેને પોતાને કેવી અદ્‌ભુત રીતે ભારત આવવાનું થયું તેની વાત કરી. ટેક્ષસાસની શિબિર પછી એર પોર્ટ ઉપર તેની બેન લેવા આવેલાં, પરંતુ લગેજ આવતાં વાર લાગી. તો પૂ. માએ મને પૂછ્યું ''ભારત આવવું છે?'' મેં કહ્યું 'નાની હતી ત્યારે એકવાર ભારત આવેલી' તેથી મેં હા પાડી. આ ઉપરાંત હેમાલીબેને સ્વર્ગારોહણ વિષે વાતો કરેલી. તેથી આવવા મન હતું. પૂ. મા—પ્રભુની કૃપાથી વિઝા પણ મળી ગયા. એ રીતે જાણે લોટરી લાગી હોય તેમ ભારત આવી જવાયું.

## નાના બાળકોની અદ્‌ભુત ભાવના

આ સત્કર્મમાં બીસ્કીટનો પ્રસાદ વહેંચનાર નાનો બાળક દૃષ્ટા માત્ર પાંચેક વર્ષનો છે. તેણે તેના ગલ્લામાં માબાપ પાસેથી મળતા પૈસા નાંખીને રૂા. ૧૫૦૦ જેવી રકમ ભેગી કરી હતી.



પ્રસાદનું વિતરણ થયું ત્યારે એના માતાપિતા—ધરા ને પદ્યુમ્ન હાજર ન હતાં. તેઓ બીજા દિવસે આવ્યાં તો આ નાના બાળકે કહ્યું—'પૂ. માએ ગરીબોને ઘણી બધી વસ્તુઓ આપી. હવે તમે ઘણા બધા પૈસા કમાઇ લાવોને તો આપણે જ આવું બધું પૂ. માની હાજરીમાં આપીએ!' કેવો અદ્‌ભુત બાળ સહજ ભાવ!

ચિ. દૃષ્ટા—શ્રી રાજુભાઇ જાનીનો દીકરી ધરાનો દીકરો છે. તે પૂ. માના સત્સંગના કાર્યક્રમોમાં જીદ કરીને તેના માતા પિતાને લાવે છે. પૂર્વના કોઇ સારા સંસ્કાર સિવાય એક નાના બાળકમાં આવા ભાવ ક્યાંથી પેદા થાય? પૂ. માને પણ તે ગમે છે. પૂ. મા તેને ખૂબ પ્રેમ કરે છે.

દૃષ્ટાની વિશેષતા એ છે કે પૂ. મા તેની પાસેની કોઇપણ વસ્તુ માગે તો તુર્તજ તે આપી દે છે.

મમ એટલે મારું—મારું એકલાનું જ એ મૃત્યુ છે, પરંતુ 'ન મમ' આ મારું નથી એ અમૃત છે. મુક્તિ ધરનારું છે.
—ગીતા

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**✳ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✳**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# એક પ્રજ્ઞાચક્ષુ સાધુ

ભાણદેવ

સુરેન્દ્રનગરથી ભાવનગર જતી ટ્રેઈનમાં હું સણોસરા જઇ રહ્યો હતો. મારી બાજુમાં એક સાધુ બેઠા હતા. ગેરુઆ વસ્ત્રો પરથી લાગ્યુ કે તેઓ દશનામી સંન્યાસી છે. ચહેરા પર નજર પડતા જણાયું કે તેઓ પ્રજ્ઞાચક્ષુ છે. લાંબા અવ્યવસ્થિત વાળ અને દાઢી છે. અડધા વાળ સફેદ અને અડધા વાળ કાળા છે. ઉંમર આશરે પચાસ વર્ષની હશે.

બહુ નાની વયથી મને સાધુસંગ પ્રત્યે આકર્ષણ રહ્યું છે. દશનામી સંન્યાસીઓની પરંપરા પ્રમાણે મેં તેમને કહ્યું– ''નમો નારાયણ''. તેમણે સસ્મિત પ્રત્યુત્તર આપ્યો ''ઓમ્ નારાયણ''. દશનામી સંન્યાસીઓ ભગવાન શંકરાચાર્યપ્રણિત અદ્વૈતવેદાંત દર્શનને અનુસરે છે. તેઓ સમગ્ર અસ્તિત્વને બ્રહ્મમય સમજીને અન્યોન્ય મળે ત્યારે 'ઓમ્ નમો નારાયણાય' કહે છે. એટલે કે તેઓ સમગ્ર અસ્તિત્વને નારાયણ સ્વરૂપ ગણીને તે પ્રમાણે અન્યોન્ય અભિવાદન કરે છે. સામેથી પ્રત્યુત્તરમાં પણ 'ઓમ્ નારાયણ' કહેવાય છે.

નમસ્કાર કરનાર એમ કહે છે કે આપ નારાયણ સ્વરૂપ છો. હું આપ નારાયણને પ્રણામ કરું છું. સામેથી પ્રત્યુત્તરમાં 'ઓમ્ નારાયણાય' કહેનાર પણ એમ કહે છે-આપ પણ નારાયણ જ છો. અહીં બધું નારાયણ સ્વરૂપ છે. નારાયણથી અતિરિક્ત કશું નથી.

ટ્રેઈન રેલ્વે સ્ટેશન પર ઊભી છે. મેં સ્વામીજી ને પૂછ્યું,



''સ્વામીજી, આપ ચાય પીશો?''

તેમણે પ્રત્યુત્તર આપ્યો, ''ભગવન્! ચાય તો હું પીતો નથી ક્ષમા કરશો''

મેં ફરી પૂછ્યું, ''સ્વામીજી, આપ કાંઇ ફળ લેશો''

તેમણે ફળ લેવાની અનુમતિ આપી એટલે હું ટ્રેઈનમાંથી નીચે ઉતરીને પ્લેટ ફોર્મ પર ગયો, અને છ કેળા લઇ આવ્યો. મેં તેમની સમક્ષ કેળાં મૂક્યાં. તેમણે કેળા ખાવાનો પ્રારંભ કર્યો. તેમની પાસે ચર્મચક્ષુ નથી તોયે સમજી ગયા કે હું તેમની સાથે કેળાં ખાતો નથી. તેમણે આગ્રહપૂર્વક મને પણ કેળાં ખાવાનો આદેશ આપ્યો. અમે બંને એ સાથે મળીને છ કેળાં પૂરા કર્યા. તેમને લઘુશંકા માટે જવું હતું. હું તેમને બાથરૂમ સુધી દોરી ગયો. થોડી વારમાં અમે બંને પાછા અમારા મૂળ સ્થાને આવી ગયા. ટ્રેઈનમાં યાત્રીઓ બહુ નથી. અમે બેઠા છીએ. તે બે સીટમાં માત્ર અમે બે જ જણ છીએ. આટલી ભૂમિકા પછી હવે અમારી વચ્ચે સત્સંગનો પ્રારંભ થયો.

મેં તેમની સમક્ષ મારી જિજ્ઞાસા વ્યક્ત કરી

''હું જાણું છું કે સંન્યાસીને તેમના પૂર્વાશ્રમ વિશે કશું પુછાય નહિ. આમ છતાં પ્રજ્ઞાચક્ષુ હોવાથી આપ એક વિશેષ પ્રકારના સંત છો. તેથી આપની જીવન પદ્ધતિ અને જીવનધારા વિશે જાણવાની એક સહજ સ્વાભાવિક ઇચ્છા મને થાય છે. શક્ય હોય તો આપ મને આપના પૂર્વજીવન, સંન્યાસ જીવન, ગુરુ, દીક્ષા, સંપ્રદાય, સાધનપંથ, યાત્રા નિવાસ સ્થાન વગેરે વિશે કહેવાની કૃપા કરો. હું તો મારી સમજના વિકાસ માટે પ્રશ્ન પૂછું છું. આ સિવાય મારો અન્ય કોઇ ઇરાદો નથી.''

તેમણે અનુકૂળ પ્રત્યુત્તર આપ્યો.

"આપની જિજ્ઞાસા સરળ અને સાત્ત્વિક છે, તેથી આપને કહેવામાં કશો દોશ નહિ લાગે. તેથી હું આપને કહું છું"

આટલી ભૂમિકા બાંધીને તેમણે પોતાના જીવન વિશે અને જીવન પદ્ધતિ વિશે કહેવાનો પ્રારંભ કર્યો–

મારો જન્મ ગંગા કિનારાના એક ગામમાં બ્રાહ્મણ પરિવારમાં થયો છે. હું જન્મથી અંધ નથી ચૌદ વર્ષની ઉંમરે શિતળાના રોગમાં મારી બંને આંખોની રોશની ચાલી ગઇ જન્માંધ માટે અંધાપો બહુ આકરો નથી. તેમને માટે અંધાપો સહજ છે, કારણકે તેમને દૃષ્ટિ શું છે, તે ખબર જ નથી. તેમની પાસે દૃષ્ટિ અને દૃષ્ટિના અભાવની તુલના જ નથી. પરંતુ જેમને આંખો હોય અને આંખો ચાલી જાય તેમને માટે અંધાપો બહુ આકરો છે, બહુ દુઃખપ્રદ છે. ચૌદ વર્ષ સુધી મેં આ દુનિયા જોઇ છે. ત્યાર પછી આવેલો આ અંધાપો મને બહુ કઠિન લાગ્યો. તમે ચોવીસ કલાક આંખો બંધ કરીને જીવવાનો પ્રયોગ કરો તો તમને સમજાશે કે અંધાપો કેવો કઠિન છે.

"મને અંધાપો આવ્યો ત્યારે હું માધ્યમિક શાળામાં નવમા ધોરણમાં અભ્યાસ કરતો હતો. ભણવામાં હોશિયાર હતો. અભ્યાસેત્તર વાંચન પણ ખૂબ કરતો. ખેલકૂદમાં પણ કુશળ હતો. પિતાજી પુરોહિતનું કાર્ય કરતાં હતા. હું તેમાં પણ સહાય કરતો અને તેમનું કાર્ય શીખી રહ્યો હતો. અમારા ગામમાં એક નાની સંસ્કૃત પાઠશાળા પણ હતી. તેમાં હું સંસ્કૃત પણ શીખતો હતો. પિતાજીની ઇચ્છા એવી હતી કે હું કાશીએ ભણવા જાઉં, અને મોટો પંડિત બનું. હું પણ તે માટે તૈયારી કરતો હતો. ઘરમાં માતા,પિતા, બે નાના ભાઇઓ અને એક નાની બહેન હતી. આ પરિવારમાં મારું જીવન અને અભ્યાસ સારી રીતે



ચાલતા હતા. પણ શિતળાની બીમારીએ બધું વેરણછેરણ કરી નાખ્યું. આંખો ગઇ અને મનની બધી આંકાક્ષાઓ મનમાં રહી ગઇ."

મારી આંખે તો અંધકાર આવ્યો, પણ મારા જીવનમાં પણ અંધાપો આવ્યો. મારા માટે જાણે બધી જ દિશાઓ બંધ થઇ ગઇ. ઘરમાં માતા પિતા અને ભાઇબહેન માટે હું પ્રિય પાત્ર અને ઉપયોગી હતો તે હવે ધીમે ધીમે બોજારૂપ, અળખામણો અને નિરુપયોગી બની ગયો. હવે મારે આખો દિવસ ઘરના એક ખૂણે સૂનમૂન બેસી રહેવાનું હતું, અને બીજાનાં ઊતરેલાં વસ્ત્રો પહેરીને જીવવાનું હતું. હવે મારે કુટુંબ માટે, સમાજ માટે અને મારી પોતાની જાત માટે પણ બોજા રૂપ બનીને જીવવાનું હતું.

આમ મારા જીવનમાં ચારે બાજુ અંધકાર વ્યાપેલો હતો, તે સમયે અમારા ગામમાં એક સંત પધાર્યા. તેમનું નામ શરણાનંદ. મેં સાંભળ્યું કે તેઓ પણ મારી જેમ પ્રજ્ઞાચક્ષુ હતા, અને મારી જેમ તેર ચૌદવર્ષની ઉંમરે અંધ બન્યા હતા. સ્વામી શરણાનંદજી બ્રહ્મનિષ્ઠ સંત ગણાય છે. એક ઉચ્ચ કોટિના સંત તરીકે તેમની ઘણી પ્રતિષ્ઠા પણ છે. તેઓ અમારા ગામમાં પધાર્યા છે, તે જાણીને મને જાણે હજારો નિરાશામાં એક આશાનું કિરણ દેખાયું બહુ હઠ કરીને હું તેમને મળવા ગયો. મારા પિતાજી મને તેમની પાસે લઇ ગયા. પિતાજીએ તેમની પાસે મારા જીવનની દાસ્તાન રજૂ કરી. હું તો ચૂપચાપ બેઠો બેઠો રડી રહ્યો હતો. મારો હાથ પકડીને પ્રજ્ઞાચક્ષુ સંત સ્વામી શરણાનંદજી બોલ્યા,

"બેટા! મારી પણ આજ દાસ્તાન છે. હું પણ ચૌદ વર્ષની ઉંમરે અંધ થયો હતો. સુખ દુઃખ તો આપણા મનની કલ્પના છે. મને પણ પ્રારંભમાં અંધાપો દુઃખદ લાગ્યો હતો પણ આજે

સમજાય છે કે અંધાપો પરમ સદ્‌ભાગ્ય છે. જો ચર્મચક્ષુ ન ગયાં હોત તો હું પણ સૌની જેમ ધન, સ્ત્રી, સંતાનો વગેરેની પાછળ જીવન વ્યતીત કરતો હોત. પરંતુ પરમાત્મા કેવા કૃપાળુ છે કે તેમણે મને અંધત્વનું મહાવરદાન આપ્યું. આ અંધત્વને લીધે હું સંસારથી મુક્ત રહ્યો. આ અંધત્વે મને આધ્યાત્મપથ પર પ્રેરિત કર્યો. આ અંધત્વ મારા આંતર્ચક્ષુ ખોલવામાં નિમિત્ત બન્યું.''

''જેને આપણે દુઃખ ગણીએ છીએ. વિટંબણા ગણીએ છીએ તે પણ પરમાત્માના મંગલવિધાનનો ભાગ છે, અને તેથી દુઃખ પણ આપણા જીવનમાં ભગવાન આપણા કલ્યાણ માટે મોકલે છે.''

''તને અંધત્વ મળ્યું તે તારું સદ્‌ભાગ્ય છે, પરમ સદભાગ્ય છે. આ ચર્મચક્ષુના અંધત્વને નિમિત્ત માનીને દિવ્ય ચક્ષુની પ્રાપ્તિ માટે કટિબદ્ધ બન. પરમ કૃપાળું પરમાત્મા તારુ કલ્યાણ કરો''

સ્વામીજી તો બીજે દિવસે ચાલ્યા ગયા, પરંતુ મારા અંતરને ઢંઢોળતા ગયા. ઘોર અંધકારમાં મને પ્રકાશનું એક કિરણ દેખાયું. સાવ નિરર્થક જીવનમાં મને સાર્થકતાની આશા બંધાઇ. ગામમાં કે આજુબાજુના ગામમાં કોઇ સાધુ સંત આવે તો પિતાજી મને તેમની પાસે લઇ જતા અથવા અન્ય કોઇની સાથે હું તેમની પાસે પહોંચી જતો. આમ સાધુસંગ ચાલ્યો. હું વાંચી શક્તો નહિ, પરંતુ કોઇ વાંચી સંભળાવે અને હું શ્રવણ કરું તેમ મારો સ્વાધ્યાય પણ ચાલ્યો. આપને જાણીને આશ્ચર્ય થશે પરંતુ મારી એકાગ્રતા, સ્મૃતિ, સમજશક્તિ આદિ શક્તિઓ જાણે એકાએક વધી ગઇ. સ્વાધ્યાય અને સત્સંગ તો ચાલતો હતો, પરંતુ અધ્યાત્મયાત્રા માટે મને તે પર્યાપ્ત લાગ્યાં નહિ.''

એટલી તો મને ખાતરી થઇ ગઇ કે મારા માટે એક જ માર્ગ



છે, અને તે અધ્યાત્મ પથ. પણ કરવું શું? કોના શિષ્ય બનવું? સાધનાપથનું સ્વરૂપ શું? અધ્યાત્મપથ પસંદ કરવાથી જ સમસ્યાનું સમાધાન મળતું નથી. અધ્યાત્મપથ પર પણ અનેક સમસ્યાઓ આવે છે. આખરે ઘણી ગડમથલને અંતે મેં નિર્ણય કર્યો– ગૃહત્યાગ, કોઇ સમર્થ સદ્‌ગુરુના શરણમાં જવું, અને પૂરો સમય અને પૂરી શક્તિ અધ્યાત્મસાધનમાં લગાડવી.

એક રાત્રે કોઇને પૂછ્યા વિના ભગવાન ભરોસે મેં ઘરનો ત્યાગ કર્યો. પહેરેલાં કપડાં અને મારી આ આંધળાની લાકડી સિવાય મારી પાસે કશું જ નહોતું. ક્યારેક ચાલીને, ક્યારેક બસમાં અને ક્યારેક ટ્રેઇનમાં, એમ હું ઋષિકેશ પહોંચ્યો. થોડા દિવસ એક આશ્રમમાં રહ્યો. મેં અનેક પ્રતિષ્ઠિત સંન્યાસીઓને મને સંન્યાસ આપવા વિનંતી કરી. પરંતુ કોઇને કોઇ બહાને તેઓએ મારી પ્રાર્થનાને ટાળવાનો પ્રયત્ન કર્યો. કોઇએ અંધત્વનું કારણ આગળ ધર્યું. કોઇએ હજુ રાહ જોવા સૂચવ્યું. પણ આખરે સંન્યાસની મારી પ્રબળ ઝંખના જોઇને એક સંન્યાસી મહારાજનું હૃદય પીગળ્યું, અને તેઓ મને સંન્યાસ આપવા તૈયાર થયા. તેમણે ત્રણ શરતો મૂકી.

૧. મારે બધાજ પ્રકારના સાંસારિક સંબંધોનો ત્યાગ કરવો.

૨. પાંચ વર્ષ પર્યંત ગુરુ મહારાજના સાંનિધ્યમાં રહીને વેદાંતનું શ્રવણ-મનન-નિદિધ્યાસન કરવું.

૩. સંન્યાસ ધર્મનું જીવનભર ચીવટપૂર્વક પાલન કરવું.

મેં આ ત્રણે શરતો આનંદપૂર્વક સ્વીકારી, અને ગુરુ મહારાજે મને સંન્યાસદીક્ષા આપી.

દશ વર્ષ સુધી હું ગુરુ આશ્રમમાં, ગુરુ સાનિધ્યમાં જ રહ્યો. મેં ગુરુમુખે વેદાંતનું વિધિવત્ શ્રવણ કર્યું. ગુરુભાઇઓ અને

બીજા મિત્રો પણ મને વેદાંતના ગ્રંથો અને ભાગવત આદિ ગ્રંથો સંભળાવતા. સદ્‌ગુરુના માર્ગદર્શન પ્રમાણે મારી સાધના આગળ ચાલી, અને આત્મચિંતનની કળ મને હાથ લાગી. ગુરુ મહારાજે મને આત્મચિંતનની સાથે નામજપ અને ભગવત્ ચિંતન કરવાની સલાહ પણ આપી છે.

મારા ગુરુ મહારાજ વેદાંતી હોવા છતાં ભક્તિમાર્ગના વિરોધી ન હતા. તેઓ સગુણ અને નિર્ગુણમાં, જ્ઞાન અને ભક્તિમાં તથા સાકાર અને નિરાકારમાં કોઈ વિરોધ જોતા નહિ. તેથી તેમણે મને આત્મચિંતનની સાથે સાથે નામજપ અને ભગવાનના સાકાર સ્વરૂપનું ચિંતન કરવાનો આદેશ પણ આપ્યો છે. મારા ચિત્તમાં જ્યારે જેવો ભાવ ઉત્પન્ન થાય તેવું સાધન ચાલે છે આત્મચિંતન પણ ચાલે છે, અને ભગવાનના નામનો જપ પણ ચાલે છે.

પોતાના જીવન અને સાધન વિશે આટલું કહી સંન્યાસી મહારાજ શાંત થઈ ગયા.

જ્યારે તેઓ કાંઈ બોલતા ન હોય ત્યારે તેમના હોઠ ચાલે છે, તેના પરથી મને લાગ્યું કે તેઓ લગભગ સતત નામજપ કરી રહ્યા છે.

મેં સત્સંગભાવે થોડા વધુ પ્રશ્નો પૂછ્યા.

૧. આપ પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં એકલા જ યાત્રા કેવી રીતે કરી શકો છો? અને આપ યાત્રા શા માટે કરો છો?

ગુરુમહારાજનું શરીર શાંત થયું, પછી તેર દિવસ સુધી હું આશ્રમમાં જ રહ્યો. તેમનો ભંડારો પૂરો થયો, એટલે કોઈને કહ્યા વિના જ હું યાત્રા માટે નીકળી પડ્યો છું. છેલ્લા છ વર્ષથી હું યાત્રા કરી રહ્યો છું. વચ્ચે વચ્ચે કોઈ આશ્રમ કે મંદિરમાં બે ત્રણ



માસ માટે સ્થિર થઈને બેસું છું. પરંતુ મોટે ભાગે વિચરતો રહું છું. સૌથી પ્રથમ તો મેં હિમાલયના ચારે ધામની યાત્રા કરી છે. ત્યાર પછી ભારતના મોટાભાગના તીર્થોની મેં એક કરતાં વધુ વાર યાત્રા કરી છે.

પ્રારંભમાં યાત્રામાં બહુ કષ્ટો આવતાં. હજુ પણ ઘણીવાર મુશ્કેલી આવી પડે છે, પરંતુ પ્રત્યેક વખતે ભગવાન કાંઈકને કાંઈક મદદ કરે છે અને સમસ્યાનું નિરાકણ થઈ જાય છે. બસમાં કે ટ્રેઈનમાં તો બેસી જઈએ એટલે બસ કે ટ્રેઈન જ આપણને પહોંચાડી દે છે, પરંતુ ચાલીને જવાનું હોય ત્યારે કોઈક હાથ પકડનારની જરૂર પડે જ. હિમાલયના ચારેધામની યાત્રા મેં ઋષિકેશથી ચાલીને કરી છે. સાધુઓની એક મંડળી સાથે હું જોડાઈ ગયલો અને તેમનો હાથ પકડીને ચારેધામ જઈ આવ્યો છું. ગિરનાર પર છેક દત્તશિખર સુધી અને ભરત-વન, સીતાવન સુધી જઈ આવ્યો છું. ભરતવનમાં તો એક મહિના સુધી રહ્યો છું. કોઈવાર લઘુ-શંકા કે ગુરુ-શંકા માટે મારે કલાકો સુધી વાટ જોઈને બેસી રહેવું પડે છે.

તમને એમ લાગતું હશે કે માત્ર ચર્મચક્ષુથી જ તીર્થ કે મંદિરમાં દર્શન કરાય છે. પણ આ માન્યતા સાચી નથી. ચર્મચક્ષુ સિવાય એક બીજી પણ આંખ છે, જેનાથી તીર્થના, મૂર્તિના, મંદિરના સ્થાનનાં દર્શન થાય છે અને ભગવતકૃપાથી મને તે આંખ પ્રાપ્ત છે, તેથી હું તીર્થયાત્રા કરું છું.

આ તીર્થયાત્રા પણ એક સાધના છે મારું આત્મચિંતન કે નામજપ લગભગ અવિરત ચાલ્યા કરે છે. યાત્રા દરમિયાન મારો આ થોડો ઘણો સામાન અનેકવાર ચોરાઈ ગયો છે, પરંતુ તુરત કોઈને કોઈ આવીને નવી વ્યવસ્થા કરી આપે છે. આ

તીર્થયાત્રાએ મને ભગવાનના આશ્રયે જીવવાની કળા શીખવી છે. અનેક સંતો સાથે સતસંગ થાય છે. અનેક પવિત્ર નદીઓમાં સ્નાન થાય છે. અનેક મંદિરોમાં મારી પોતાની એક વિશિષ્ટ આંખથી ભગવાનના શ્રીવિગ્રહનાં દર્શન થાય છે. મારી આ તીર્થયાત્રાથી સાધના અને સાધનાથી તીર્થયાત્રા વધુ ઉજળી બને છે.

૨. આપ આ તીર્થયાત્રા ક્યાં સુધી કર્યા કરશો?

સમયની અવધિ નક્કિ કરવાનું કામ તો મુશ્કેલ છે પરંતુ મને લાગે છે કે હવે આ ક્રમ લાંબો નહિ ચાલે. હવે મનમાં એવો વિચાર આવે છે કે ગંગાકિનારે કોઇ સ્થાનમાં બેસી જવું, અને ઐકાંતિક સાધનમાં તલ્લીન બની જવું. જોઇએ ભગવાન ક્યારે બેસાડે છે.

પોતાનું વકત્વ્ય પૂરું કરીને તુરત જ સ્વામીજીના હોઠ 'બીડ્ બીડ્' કરવા માંડે છે અર્થાત્ તેમનો નામ જપ યજ્ઞ ચાલું થઇ જાય છે.

૩. આપની યાત્રાના કોઇ મહત્ત્વપૂર્ણ પ્રસંગો કહેશો?

પ્રસંગો તો અપરંપાર છે. કહેવા બેસું તો દિવસો લાગે, અને લખવા બેસું તો પુસ્તકો ભરાય. સર્વ પ્રસંગોનો કેન્દ્રસ્થ પ્રસંગ હું આપને કહું છું. ભગવાન ક્ષણે ક્ષણે મારી સંભાળ રાખી રહ્યો છે, તેવી મારી અનુભવસિદ્ધ પ્રતીતિ છે. મને કોઇ ઘોર જંગલમાં કે અફાટ રણમાં મૂકી દે તો પણ મને ખાતરી છે કે પરમ કૃપાળું પરમાત્મા મારી સંભાળ લેશે. તેની કૃપાના બળથી જ તો હું અંધહોવા છતાં પાંચ વર્ષથી ભારતમાં ફરી રહ્યો છું. પરમ ચૈતન્ય માત્ર નિર્ગુણ નથી, સગુણ છે અને સાકાર છે સગુણ સ્વરૂપે પરમાત્મા આપણી સતત સંભાળ રાખે છે. યાત્રા



દરમિયાન અતિ વિકટ સંયોગોમાં પણ તેણે મારી રક્ષા કરી છે.

ઝેરી સાપ સાથે રાતભર સૂઇ રહેવાનો પ્રસંગ બન્યો છે. મકાનમાં ચારે બાજુ આગ લાગી ગઇ હોય અને હું અંધ એકલો વચ્ચે ફસાઇ ગયો હોઉં તેમ પણ બન્યું છે. હિમાલયની યાત્રા વખતે અનેકવાર ગબડીને હું નીચે ફસકી ગયો હોઉં તેમ પણ બન્યું છે. પરંતુ દરેક વખતે તે હજારો આંખો વાળો આ અંધની રક્ષા કરે છે આ યાત્રાનો સૌથી મોટો ફાયદો મને એ થયો છે કે મારો ભગવતશરણભાવ સહસ્રગુણ વધી ગયો છે.

૪. આ તમારું વેદાંત પ્રણિત આત્મચિંતન અને આ તમારો ભગવત શરણભાવ આ બંન્નેની સંગતિ આપ કેવી રીતે બેસાડી શક્યા છો?

તાત્ત્વિક રીતે વિરોધ હોય તો ભલે હોય, પરંતુ મારો અનુભવ એમ કહે છે કે બંન્ને સત્ય છે, અને તેથી બંન્ને વચ્ચે કોઇ વિસંગતિ નથી. જોકે મને તો એમ લાગે છે કે બંન્ને વચ્ચે તાત્ત્વિક રીતે પણ વસ્તુતઃ કોઇ વિસંગતિ નથી. આત્મસ્થ સાધક જ સાચો શરણાગત બની શકે છે અને સાચો શરણાગત સાધક જ નિર્ભય બનીને આત્મચિંતનમાં તલ્લીન રહી શકે છે.

પ્રશ્નો તો મારે તેમને ખૂબ પૂછવા હતા. પણ સણોસરાનું રેલ્વે સ્ટેશન આવ્યું. ટ્રેઇન ઊભી રહી. મારે હવે ઊતરવાનું છે. તેમને પ્રણામ કરી, તેમની વિદાય લઇ હું નીચે ઊતર્યો અને ટ્રેઇન આ સાચા પ્રજ્ઞાચક્ષુ સાધુને લઇને આગળ ચાલી.

# કાલીનું દર્શન

અનુવાદઃ નારાયણ હ. જાની

૧૮૫૬ ના વર્ષના મહિનાઓ જેમ જેમ પસાર થતા ગયા, તેમ તેમ શ્રી રામકૃષ્ણના સાધનાત્મક પ્રયત્નો વધુ ને વધુ ઉત્કટ બનતા ગયા. કાલીમાતાની મૂર્તિને બહુ કરુણભાવે પ્રાર્થના કરતાં. કહેતા : હે મા, તેં તારી કૃપા રામપ્રસાદ અને બીજા ભક્તો ઉપર અગાઉ વરસાવી દર્શન આપ્યાં, તો તું મને તારું દર્શન કેમ આપતી નથી? હે મા, તું મારી પ્રાર્થના કેમ કાને ધરતી નથી? હું તને કેટલાય વખતથી પ્રાર્થું છું.'' અને આમ કહેતાં કહેતાં તેઓ ખૂબ હૈયાફાટ રુદન કરતા.

પાછલાં વર્ષોમાં પોતાની સાધનાના આ સમયને યાદ કરીને શ્રી રામકૃષ્ણ કહેતા કે કેવી ભયંકર યાતનાના એ દિવસોમાંથી હું પસાર થયો! જગદંબાના વિયોગના મારા દુઃખની તમે કલ્પનાય નહિ કરી શકો. પણ આ સ્વભાવિક જ હતું. ઘડીભર કલ્પો કે ચોરની પાસેના ઓરડામાં સોનાનાં ઘરેણાની થેલી છે અને બન્ને ઓરડાઓ વચ્ચે પાતળું પાર્ટીશન જ છે. તો શું તે ચોર શાન્તિપૂર્વક ઊંઘી શકે કે? શું તે ઓરડાની દિવાલ તોડીને સોનું મેળવવાનો પ્રયત્ન કર્યા વિના રહી શકવાનો? મારી દશા પણ કંઇ આવી જ હતી. હું સારી પેઠે સમજતો હતો કે મા જગદંબા મારી ખૂબ જ પાસે છે. તો પછી હું બીજી કોઇ વસ્તુની ઈચ્છા જ કેમ કરી શકું? મા જગદંબા તો અનંત સુખના સાગરરૂપ છે. એની સરખામણીમાં, આખી દુનિયાની સંપત્તિ તુચ્છમાત્ર છે.'

ઘણીવાર મૂર્તિ સમક્ષ તે ધ્યાનમાં ડૂબી જતા અને એકસાથે



કલાકો સુધી ધ્યાનમાં સ્થિર થઇ જતાં પૂજાની વિધિ અટકી જતી. આને લીધે, મંદિરના કેટલાક કર્મચારીઓ એમના પ્રત્યે ગુસ્સે થઇ જતા, તો બીજા કેટલાક એમને અર્ધ ચક્કર ગણી એમની હાંસી ઉડાવતા. પરંતુ મથુરબાબુ શ્રી રામકૃષ્ણથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. તે રાણી રાસમણિને કહેતા કે આપણને જગદંબાની પૂજા માટે બહુ સરસ પૂજારી મળી ગયો છે. વહેલે મોડે, એ મૂર્તિમાં ચેતન અવશ્ય પ્રકટાવશે.

મથુરબાબુની આ વાત ટૂંક સમયમાં જ સાચી પડી. પોતાની તે વખતની અનુભૂતિનું વર્ણન કરતાં પાછળથી રામકૃષ્ણદેવ કહેતા : મા કાલીનું દર્શન ન થવાને લીધે મને હૃદયમાં અસહ્ય પીડા થતી. જેમ માણસ પોતાના પલાળેલા રૂમાલમાંથી પાણી કાઢવા ખૂબ જોરથી નીચોવે, એમ મારું આખું હૃદય જાણે નીંચોવાઈ જતું હોય એમ મને લાગતું. મને નિરાશા થતી કે મા જગદંબાનું દર્શન મને કદીય નહિ થાય. એની વ્યથાથી હું જાણે મરવા પડ્યો હોઉ એવો થઇ ગયો. એ પીડાને લીધે મને થતું કે હવે જીવવાનું પ્રયોજન શું છે? એ વિચાર આવ્યો ત્યાં મા જગદંબાની પ્રતિમાની બાજુમાં લટકાવેલા ખડ્ગ ઉપર મારી નજર અચાનક પડી. મેં મારા જીવનનો એ ક્ષણે ત્યાં જ અંત લાવવાનો નિશ્ચય કર્યો. એક ગાંડા માણસની જેમ દોડીને એ ખડ્ગ મેં ઉપાડી લીધું. પરંતુ ત્યાં તો...મા જગદંબાનું મને અદ્‌ભુત દર્શન થયું ને હું બેભાન થઇને જમીન પર ઢળી પડ્યો. એ અવસ્થામાં જાણે કે ઘરો, દરવાજા, મંદિર અને આજુબાજુનું બીજું સર્વ કાંઇ દેખાતું બંધ થઇ ગયું. અને પ્રકાશના મોજાં જાણે કે મારી તરફ આવતાં હોય એમ દેખાયું આ મોજાં ખૂબ વેગથી મારી તરફ ધસી આવતાં હતાં અને પછી થોડી જ વારમાં એ

મોજાં મારા ઉપર ફરી વળ્યાં તેમજ તેની અનંત ઊંડાઈમાં મને ડૂબાડી દીધો. હું ખૂબ જોરથી હાંફવા લાગ્યો, તેમજ બહાર નીકળવા ફાંફાં મારવા લાગ્યો, પરંતુ મારું ભાન મેં ગુમાવી દીધું.

શ્રી રામકૃષ્ણના વર્ણન ઉપરથી એ બરાબર સ્પષ્ટ થતું નથી કે તેઓ પ્રકાશના સાગરનાં ચિન્મય મોજાંઓમાં ડૂબી ગયા ત્યારે એમને મા જગદંબાનું દર્શન થયું કે કેમ? પરંતુ એ થયું હોવું જોઈએ એમ લાગે છે; કારણ કે જ્યારે તેઓ ફરી ભાનમાં આવ્યા ત્યારે સહુ પ્રથમ તેમના મુખમાંથી 'મા, મા' શબ્દો જ નીકળ્યા.

આ દર્શન પછી રામકૃષ્ણની અવસ્થા એવી થઇ ગઇ કે તેઓ જગદંબાના ધ્યાનમાં એવા ગરકાવ રહેતા કે તેઓ મંદિરની પૂજા બીલકુલ કરી શકતા નહિ. એમના ભાણેજ હૃદયને એમના વતી તે કરવી પડતી. પોતાના મામાની માનસિક હાલતથી હૃદય એટલો બધો ગભરાઇ ગયો કે તેણે તેમની સારવાર માટે દાક્તરને બોલાવ્યા, પણ તે જરાય કારગત ન નીવડ્યા.

જે દિવસો દરમ્યાન શ્રી રામકૃષ્ણ પૂજા કરવાને શક્તિમાન બનતા, તે વખતે એક વિચિત્ર ઘટના બનતી. પાછળથી રામકૃષ્ણ દેવ એનું વર્ણન કરતાં કહેતા કે જેવો હું ધ્યાન કરવા બેસું કે મારા શરીરનાં અંગોમાં મને કડકડ અવાજ સંભળાવા લાગતો. સૌ પ્રથમ તે પગોમાં સંભળાતો. મને એવું લાગતું કે કોઈ મારાં અંગોને એક પછી એક ચાવી ફેરવીને બંધ કરતું ન હોય! એ પછી હું મારું આસન જરા પણ બદલી, ફેરવી કે શરીર હલાવી શકતો નહિ. મારું મન પરાણે ધ્યાન કરવા લાગી જતું. તેને હું અટકાવી શકતો નહિ, કે બીજે જઇ શકતો નહિ



અથવા તો મેં ઈચ્છ્યું હોય એમ બીજુ કાંઇ કરી શકતો નહિ. જાણે પરાણે મને એક જ આસનમાં બેસવાની ફરજ પાડવામાં ન આવી હોય! તે પછી ધ્યાન પૂરું થતાં ફરી પાછાં જાણે કે મારાં અંગોને ચાવી વડે કોઇ ખોલતું ન હોય એમ એક પછી એક અવયવો છૂટા થતા. પરંતુ આ વખતે એનો પ્રારંભ ગરદનથી થતો અને અંત—પગોમાં આવતો.

જ્યારે હું બેસતો ને ધ્યાન કરતો, ત્યારે મને સૌપ્રથમ આગિયાના ટોળાં જેવા પ્રકાશના તણખાઓનું દર્શન થતું. તો કેટલીકવાર મને ધુમ્મસની જેમ પ્રકાશના પૂંજ વડે બધી જ વસ્તુઓ ઢંકાઇ જતી દેખાતી, તો બીજી કોઇકવાર જાણે તપાવેલી ચાંદીના પ્રવાહી જેવા પ્રકાશનાં મોજાંઓ બધી જ વસ્તુઓને સંપૂર્ણ રીતે છાઇ વળતાં. હું જે કાંઇ જોતો તે શું છે, તેની મને તે વખતે સમજ ન હતી. તેમજ હું પણ જાણતો નહિ કે આવાં દર્શન થવાં તે સારું કહેવાય કે ખરાબ. એટલે હું ઉત્કટતાપૂર્વક જગદંબાને પ્રાર્થના કરી કહેતો કે “હે મા, મને આ શું થાય છે, તેની મને કંઇ ખબર પડતી નથી. તને કેમ ઓળખવી એ કૃપા કરી મને શીખવ. જો તું મને ન શીખવે તો બીજું કોણ મને શીખવવાનું?”

શ્રી રામકૃષ્ણના આવા સીધા સરળ ઉદ્‌ગારોથી એ જગદંબાના બાળક સમા કેવા હતા, એનું ખૂબ આબેહૂબ દર્શન આપણને થાય છે, જે એમના અન્ય સમકાલીનોના ઉદ્‌ગારોથી ભિન્ન જણાય છે. હવે તેઓ દરેક બાબતમાં પછી ભલે તે સાવ નજીવી કેમ ન હોય—એક બાળકની જેમ, મા જગદંબાની ઈચ્છા પ્રમાણે ચાલતા. તેમની આવી વર્તણુંક વિષે લોકો શું કહેશે એ વિશેષ તેઓ તદ્દન ઉદાસીન હતા.

આ પછી તેઓને મા જગદંબાનું દર્શન અવારનવાર થતું. તે કેવળ મંદિરની અંદર જ નહિ પરંતુ બહાર પણ થતું. એ માટે એમને ધ્યાનમાં બેસવાનો કોઇ પ્રયાસ કરવો પડતો નહિ. મંદિરમાં હવે તેમને કેવળમૂર્તિનું નહિ પરંતુ મા જગદંબાનું ચિન્મય સાક્ષાત્ સ્વરૂપ દેખાતું. પાછળથી આ વિષે વર્ણન કરતાં તેઓ કહેતા કે હું માના નસ્કોરાં આગળ મારો હાથ ધરતો, તો મને મા જગદંબા ખરેખર શ્વાસ લેતી જણાતી. હું એને ખૂબ ધ્યાનપૂર્વક જોતો, પરંતુ રાત્રે મને દીવાના પ્રકાશમાં તેનો પડછાયો મંદિરની ભીંત ઉપર કદી જણાતો નહિ. રમતિયાળ નાની બાળાની જેમ, પગમાં ઝાંઝરનો ઝમકાર કરતી તે ઉપરના માળે દોડતી તેનો અવાજ મને મારા ઓરડામાં સંભળાતો, આ ખરેખર એનો જ અવાજ છે એની ખાત્રી કરવા માંગતો હોવાથી હું એકવાર બહાર દોડી આવ્યો. તો મેં તેને મંદિરના બીજા માળના ખુલ્લા ભાગમાં ઊભેલી જોઇ. તેના વાળ છુટ્ટા હતા અને ઘડીમાં તે કલકત્તા તરફ તો ઘડીકમાં ગંગાજી તરફ જોતી હતી.

**(રામકૃષ્ણ એન્ડ હીઝ ડીસોઇયલમાંથી સાભાર)**



**પૂ. રવિશંકર મહારાજના જન્મના સવા શતાબ્દી વર્ષ નિમિત્તે**

# ન્યારી'તી દિવ્ય વાત્સલ્યધારા

**મૃદુલા મહેતા**

પોથી પઢ પઢ જગ મૂઆ,
પંડિત હુઆ ન કોઇ,
ઢાઈ અક્ષર પ્રેમકા,
પઢે સો પંડિત હોઇ.

આ ''ઢાઈ અક્ષર પ્રેમકા'' દાદાના વ્યક્તિત્વમાં એવા ઓતપ્રોત થઇ ગયા છે કે તેઓ સમસ્ત ગુજરાતના લાડીલા દાદા રહ્યા છે. ઘરમાં દાદા દાદીની સ્નેહછોળમાં પૌત્રપૌત્રીઓના બાળપણમાં જે સુવાસ અને આનંદનાં અમીઝરણા વહે છે, તે જ વાત્સલ્યની છોળમાં સમસ્ત ગુજરાતને તરબોળ કરનાર કોઇ એક વ્યક્તિ હોય તો તે છે રવિશંકર દાદા.

## દાદા મળ્યા ને મૂંઝવણ ટળી

આફ્રિકાથી એકલી અટૂલી આવી હતી. વર્ષોથી આફ્રિકા નિવાસી એટલે દેશમાંના સ્વજનો સાથે સંપર્ક નહીંવત્ અને તેમાં ચીલો ચાતરવાની વાત સમાજને સ્વીકૃત નહીં. એવા પથ પર પગ મૂકવાનો એટલે સૌનો કંઇક વિરોધ, કંઇક અણગમો. અલબત્ત હિતભાવના કે દુઃખી થઇશ એવી એકાકી સ્થિતિમાં પ્રારંભના વર્ષોમાં એક જ હૂફ, એક જ આશ્રય કે છેવટ દાદા પાસે ચાલી જઇશ.

દાદા સાથે કોઇ લાંબો પરિચય ન હતો. આફ્રિકામાં મહારાજનું જીવનચરિત્ર અને 'માણસાઇના દીવા' વાંચેલું.

આફ્રિકાથી આવીને અમદાવાદ એક જ વાર મળી હતી. ગાંધીજીના સહકાર્યકર જેવી બીજી પણ કેટલીક વ્યક્તિઓને મળી હતી. દેશની કંઇક એવી પરિસ્થિતિ હશે કે, સૌએ એવી જ આશંકા કરેલી કે કંઇક 'લવ પ્રોબ્લેમ' હશે તે છાવરવા ગામડામાં કામ કરવાની કે સેવાની વાત કરે છે. આ ઈશારાથી હું સારીપેઠે મૂંઝાએલી. જે વાતનો મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો તેવી આશંકા સાંભળી ગભરાયેલી. પણ દાદાને મળ્યા પછી મારી બધી મૂઝવણ, એકાકીપણું કે આશંકા અદૃશ્ય થઇ ગઇ. તેમણે આવી કોઇ વાત ન કરી. ખૂબ સ્નેહથી આવકારી. શ્રદ્ધા બંધાવી, ''ભાવના સારી છે. વળગી રહેજે. નાનાભાઈની સંસ્થામાં જા તો હું રાજી થઈશ.'' ટૂંકી ને ટચ વાત કાંતતાં કાંતતાં કરી. એમની આંખના અમી અને ભારોભાર શ્રદ્ધાએ જે બળ આપ્યું તે કદી ન વિસરાયું કે ન ખૂટ્યું.

## દાદા તો છે જ ને!

મેં પૂછ્યું, ''તમારી સાથે રહેવા આવું?''

''જરૂર, જ્યારે તને ઈચ્છા થાય ત્યારે આવજે.''

હું રાજી થઈ ગઈ. માતાપિતા મને મૂકીને ગયા ત્યારે સ્હેજે રડી પડાએલું. પણ ''દાદા તો છે જ ને'' એ શ્રદ્ધાએ હૃદયમાં હામ રહી હતી.

વેકેશન અનુસંધાને મેં ટપાલ લખી. તરત દાદાનું કાર્ડ આવ્યું, ''આ તારીખોમાં પંચમહાલ વિસ્તારમાં હોઈશ. પદયાત્રામાં સાથે રહેવાનું ગમે તો જરૂર આવ.''

હું ગઇ. એટલા બધા કામ વચ્ચે તેમણે મારા આવવાની તારીખ બરાબર યાદ રાખેલી. સ્ટેશને લેવા એક ભાઇને મોકલેલા. સગા દાદા પૌત્રીને જોઇને હરખઘેલા થાય તેમ દાદાએ



હરખાઈને મને આવકારી. મુસાફરીમાં તકલીફ પડી હતી કે કેમ વગેરે ઝીણા ખબર અંતર પૂછ્યા. પછી બીજા દિવસની પદયાત્રાની વાત કરી.

મને કહે, ''તને થોડી આબદા પડશે. આઠ દસ માઇલ ચાલવું પડશે. વળી ગામડાઓમાં જોઇએ તેવી સગવડ નહીં મળે.''

હસીને મેં કહ્યું, ''દાદા, તમે મારી ચિંતા ન કરો. હું બધું ચલાવીશ. ગામડાં જોવા અનુભવ લેવા તો આવી છું.''

## લોકો તરફની અગાધ વત્સલતા

પણ તેમને હૈયે ચિંતા રહેલી. નાઈરોબી જેવા અદ્યતન શહેરમાં, સુખી વણિક કુટુંબમાં ઉછરેલી છોકરીથી આ બધું કદાચ ન વેઠાય, તેવી ભીતિ હશે. ખાસ ચીવટ રાખી સવારે વહેલી ઉઠાડે. અજવાળું થાય તે પહેલાં શૌચ આદિ ક્રિયા ન ઉકેલું તો ગામડામાં બીજી સગવડ હોય નહીં.

વૈશાખનો તાપ. નાઈરોબી સાડાપાંચ હજાર ફીટની ઊંચાઈએ, મહાબળેશ્વર જેવું શીતળ હવામાન સદા રહે. એટલે આ તાપ ચામડીને આકરો લાગતો. દાઝ પણ પડતી અને ખરજ પણ ઉપડતી. વળી દૃષ્ટિના અને અજ્ઞાનના અવતાર સમાં ગામડાં. ડુંગરાળ પ્રદેશ, સૂકી ભઠ્ઠ ધરતી. ઝાડ ઝાંખરાંય અમુક વિસ્તારમાં નહીંવત્. આમ તો આ જંગલ વિસ્તાર, પણ ઔદ્યોગીકરણના રાક્ષસી જઠરમાં વૃક્ષો બધાં હોમાઈ ગયેલાં. બોડી ટેકરીઓ ધોવાઈને રસકસહીન બની ગયેલી. તેની બળતરા દાદાને મુખે સાંભળું. અજ્ઞાન, ગભરુ આદિવાસી પ્રજા. ક્યાંક દૂધ મળે ન મળે. મકાઈની બાટી અને આછુંપાતળું શાક હોય. પેટ ભરાય, ન ભરાય.

પણ દાદાની લોકો તરફની અગાધ વત્સલતા જ નીતરે. કહેતા જાય, ''આપણને આમનું ખાવાનો થોડો જ હક્ક છે? આપણે તેમનું શું કામ કર્યું છે? શી ખબર પોતે ભૂખ્યા રહી આપણને જમાડતા હશે.'' લોકો જે ભક્તિથી દાદાને મળે, તેનાથી યે વધારે ભક્તિભાવે દાદા તેમને મળે. સુરત, ડાંગ કે પંચમહાલના આદિવાસી ગામના ભોળા ગભરુ લોકો હોય કે મુંબઇ અમદાવાદ જેવા ગુજરાતભરના શહેરોના સંસ્કૃત શ્રીમંત લોકો હોય, પાટણવાડિયા હોય, હરિજનો હોય કે અલ્ટ્રામોડર્ન નવી પેઢી હોય, જે ભાવભીની ભક્તિથી લોકો દાદાને મળે તેટલા જ કે ક્વચિત તેનાથી પણ વધારે અગાધ સ્નેહથી દાદા તે સૌને પોતાના હૈયામાં સમાવે. પૂજાના થાળમાં રહેલી આરતીનો પ્રકાશ જેમ પરમેશ્વરની પ્રતિમા તથા આરતી ઉતારનાર બંનેને આલોકિત કરે છે તેમ આ અન્યોન્યની ભક્તિના અલૌકિક દર્શને હું સદા કૃતાર્થ થઇ છું. તે નીરખતાં યાદ આવતી, કવિ સુંદરમ્‌ની બુદ્ધના ચક્ષુની કાવ્ય પંક્તિ :

'તમે આ જન્મે તો, નયન રસ લેઇ અવતર્યા.'

## દાદાનું હૃદય દ્રવી ઊઠ્યું

દાદા પદયાત્રમાં ઉઘાડે પગે જ ચાલતા. દાદાને પૂછું તો કહે, ''જોડા, ઘસાય એટલે વારંવાર નવા લેવા પડે. પગ ઘસાય નહીં, જેમ વપરાય તેમ મજબૂત થાય!'' મને પ્રયોગ કરવાનું મન થયું. દાદાએ ખૂબ ના પાડી. પણ મેં ઉઘાડે પગે ચાલવા માંડ્યું. ડુંગરાળ પ્રદેશ, કાંટા કાંકરાનો પાર નહીં—આઠ દસ માઇલ ચાલવાનું. ચારેક દિવસમાં પગ વીંધાઇ ગયા. કંઇક તોરમાં અને કંઇક દાદાની રમૂજભરી જ્ઞાનસભર વાતોમાં પંથ પૂરો કરું. ચોથે દિવસે તો પગ સૂજી ગયા. કાંટા કાઢવાનું સાધન



નહીં. બપોરે ભોજન પછી બાવળનો એક મોટો કાંટો લઇ, એક ખૂણે બેસી કાંટા કાઢવાનો પ્રયત્ન કરું. દાદા દૂર બેઠા કાંતતા હતા અને એક ભાઇ વાંચતા હતા તે એકાગ્ર ચિત્તે સાંભળતા હતા. પણ ભાળી ગયા. એકદમ આવી પાસે બેસી ગયા. પગે હાથ ફેરવી કહેવા લાગ્યા, ''કાંટા વાગ્યા છે ને? ના કહેતો હતો પણ માની નહીં. અરરર! કેટલા બધા વગાડ્યા છે!'' દાદાનું હૃદય દ્રવી ઊઠ્યું. તરત સોય અને ચીપિયો મંગાવ્યા.

મેં કહ્યું, ''હવે હું કાઢી લઇશ.'' પણ દાદાએ જાતે જ ઓછામાં ઓછી પીડા થાય, સ્હેજે લોહી ન નીકળે અને ઓછામાં ઓછું ખોતરવું પડે તે રીતે વીણી વીણીને બધા કાંટા કાઢ્યા.

દાદા પોતાને માટે કહે, ''કાંટા આપણને શા માટે ખૂંચે? આપણે કાંટાને ન ખૂંચીએ?''

## પોતાને માટે કડક

પોતાને માટે કડક નિયમ, પણ બીજાને પોતે જેટલી સગવડ અપાવી શકે તે અપાવે. ''જોઇ મોટી, ગામડામાં કામ કરવા નીકળી છે! એટલું તો વેઠાતું નથી. ત્યારે તું ત્યાં શું ઉકાળવાની હતી?'' આવા શબ્દો કહી શક્યા હોત. પણ તેઓ તો હંમેશા બીજાને કહેતા રહે, ''આ તો આફ્રિકાથી આવેલી. મને એમ કે તેને આપદા પડશે. પણ એ તો સરસ ગોઠવાઇ ગઇ છે.''

ગામડાની તદ્દન અનભિજ્ઞ, સગવડ કે કષ્ટની ટેવ નહીં. ગામડાના કામની ન કંઇ સૂઝ! એવી એક અણઘડ છોકરીની ભીતરમાં અખૂટ વત્સલભાવે શ્રદ્ધાનું જે તેલ સીંચાયું, તેણે ગામડામાં કામ કરવાની હામ જાળવી રાખી. અને એવો સ્નેહ અને શ્રદ્ધા મારા જેવી અનેક બહેનો પામી હશે.

## સૂતરને તાંતણે હરજીએ બાંધી

પંચમહાલની પદયાત્રાથી દાદાએ મને પોતાની કરી લીધી અને સદા પોતીકી જ ગણી. એકલી હતી અને સંસ્થાની લાંબી જવાબદારી ન હતી ત્યાં સુધી અવારનવાર જતી, રહેતી, અસીમ સ્નેહ પામતી. આજે આટલાં વર્ષે પણ તે સ્નેહસ્રોતની અમીવર્ષા નિરંતર રહી છે તેને હું મારું પરમ સૌભાગ્ય ગણું છું.

દાદા ફરતા ત્યારે ભાવનગર નજીક આવ્યા હોય તો ગમે તેવી હાડમારી ભોગવીને પણ અચૂક મણાર આવે. જાતે લખતા કે લખાવતા ત્યાં સુધી મહિને દોઢ મહિને અચૂક ટપાલ આવે જ. ક્યારેક મારે પ્રત્યુત્તર આપવામાં વિલંબ થયો હોય તો લખે, ''તું મારાથી રીસાઇ લાગે છે.'' જ્યારે જાઉં ત્યારે મહિયરમાં લાડથી દીકરીને રોકે તેમ અચૂક રોકે. સૌને કહેતા રહે, ''આણે મારી ખૂબ સેવા કરી છે.'' હું નારાજ થાઉં તો કહે, ''લે, હવે નહીં કહું.'' પણ બીજી વાર ભૂલી જાય. દીકરીની વાંકીચૂકી રોટલી માવતરને મીઠી મધ જેવી લાગે તેમ દાદા આપણા નહીં જેવા કામને મૂલવે અને સદાય સ્નેહગાંઠે બાંધી રાખે. મીરાંની પંક્તિ યાદ આવે.....''સૂતરને તાંતણે હરજીએ મને બાંધી રે.....''

## તમે આ જન્મે તો નયનરસ લેઈ અવતર્યા!

આંખો ગઇ તે જાણ્યું ત્યારે મનથી ખૂબ વ્યથિત થઇ હતી. જે દિવ્ય વત્સલધારા, જે અમૃતમય નયનસુધાએ આજ સુધી સૌને અભિષિક્ત કર્યા હતા તે અમીવર્ષાના દર્શન શું હવે નહીં સાંપડે? મળી એટલે કહ્યું, ''દાદાજી, હું આવી છું. ઓળખી?'' બીજાએ કહ્યું, ''નામ કહો.'' પણ મેં ન કહ્યું નામ. ફરી બોલી. અને તરત જ ખીલ ખીલ કરતું હેતાળ મધુર હાસ્ય દાદાના મુખ પર છલકાઇ ગયું. આંખોની ખોટ અલોપ થઇ ગઇ. તે પછી



જ્યારે મળી છું આ રીતે જ તેમના ઉભરાઇ પડતા હાસ્યને આતુરભાવે માણ્યું છે. આંખો જતાં આંખોના અમી આ સ્નિગ્ધ હાસ્યમાં આવી વસ્યાનો મેં અલૌકિક અનુભવ કર્યો છે. ફરી એ જ કડી યાદ આવે છે :

''તમે આ જન્મે તો નયનરસ લેઇ અવતર્યા.''

પૂર્ણતાના પંથનો પ્રવાસી બનજે ને જીવનના ઉલ્લાસને ખોઇશ નહીં.

– યોગેશ્વરજી

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની રોજનીશી

મા સર્વેશ્વરી

## ભારતમાં પુનરાગમન : મુંબઇ તા. ૨૦–૧૧–૦૭

તા. ૧૯ મધરાતે ૨૦૦૭ ની બીજી વિદેશયાત્રા સમાપ્ત થઇ. તા. ૨૦ નું પ્રભાત ભારત ભૂમિને પ્રકાશીત કરતું પ્રગટ્યું, ત્યારે પક્ષીઓના મધુર કલરવથી જાણે શ્રી હરિએ સજાવી દીધું.

છેલ્લા અઢી મહિનાથી વિદેશની ધરતી ઉપર પક્ષીઓનાં મધુર કલરવથી મા વંચિત હતાં. આજે જાણે આ બધું પોતીકું લાગ્યું. આ પ્રભાત વ્હાલું લાગ્યું. આ પક્ષીઓ, આ ધરતી, આ હરીયાળી, આ ખેતરો અને આ મજૂરો પણ આપણા દેશના આપણાં લાગ્યાં.

જે પ્રિય લાગે તેના જે જે હોય તે પણ પ્રિય, ભારત પ્રિય તો ભારતના જે જે છે, તે તે એટલે કે તેની સર્વોત્તમ વાતો અને તેની ગરીબાઇ, ગંદકી બધું જ જાણે સ્વાભાવિક સહજ લાગે.

આ ઘર પણ પ્રિય લાગે, તો આનંદ કે નીલાબેન, મધુભાઇ કે તેજલ, બીજલ કે જ્યોતિબેન કે પ્રકાશભાઇ કે દીપેશ કે દેવાંગી, જીગીશા કે દેવાંગી કે પુષ્ટિ કે સ્તવન કે રાજીવ કે રક્ષિતા કે નિશા સૌ પ્રિય લાગે, પોતાનાં લાગે.

જો પ્રભુ પ્રિય લાગે તો પ્રભુનાં સૌ બાળકો પણ પ્રિય લાગવાનાં જ ને? સૌને સમાન રીતે પ્રિય માનવાની વાત વાસ્તવમાં જરા અઘરી છે. કદાચ જે જે અનુકૂળ છે, જે જે શ્રદ્ધાભક્તિથી સંપન્ન હોય તે તે તો પ્રિય લાગે જ છે.

પરંતુ હે હરિ, આ તારી સમગ્ર સૃષ્ટિને ચાહી શકીએ એવી



ઉદારતા આપ એવી શક્તિ આપ એવું સમત્વ આપ.

હાશ, ભારતભૂમિ ઉપર આવી ગયાં. રાતે ૨૭ કલાકે નિર્જળાવ્રત પૂર્ણ થયું. પછી લગભગ બે કલાક સત્સંગ ચાલ્યો, તે પછી અધૂરી નોંધનું લેખન થયું છે. ફરી મંત્રજપ થયા છે. આ ઘરના વડીલ સ્વજન શ્રી હરગોવિંદભાઇને મળ્યા છીએ.

શાંત, નમ્ર, પ્રેમાળ, અતિ અનુકૂળ, શ્રદ્ધાળુ ભક્ત, બાળક જેવા નિર્દોષ જાણે ગૃહસ્થયોગી સમા શ્રી હરગોવિંદભાઇનું જીવન સહજ રીતે ૮૮ વર્ષ વીતાવી ગયું. ૮૯ મા વરસે અચાનક માંદગી ઘેરી વળી. વિસ્મૃતિ, અશક્તિ, અનાજ છૂટી ગયું અરે, વાણી પણ અસ્પષ્ટ થઇ રહી છે.

**'મા'** તેમની સામે ઊભાં તો તરત જ હાથ જોડ્યા ને બેઠા થવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

ઓગસ્ટમાં મા વિદાય થયાં ત્યારે તો પૂર્ણ સ્વસ્થ હતા. છેલ્લા બે માસમાં એમના દેહે અચાનક માંદગીનો વેશ ધારણ કરીને જાણે ખૂબ ઝડપથી માંદગી તેમના આરોગ્યને હડપ કરી ગઇ.

દેહનું એ સૌંદર્ય, એ હાસ્ય જાણે કોઇ અચાનક ઝૂંટવી ગયું. જર્જરિત દેહ, જાણે સૌને માટે એલારામ બની ગયો.

સુંદર, સ્વસ્થ, મનમોહક લાગતો દેહ જાણે અહીં ક્ષણ-વારમાં જ દબાઇ ગયો. દયાજનક બની ગયો. લાચાર બની ગયો, બીચારો બની ગયો.

જાગો, હે યુવાનો, વૃદ્ધો, બાળકો દરેકના દેહને આ દશાનો પ્રસાદ મળવાનો જ છે. ક્ષણભંગુર દેહે, સ્વસ્થ છો ત્યાં સુધી જપી લો, ભજી લો, સારાં કાર્યો કરી લો, સારી વાણીથી જગતને જીતી લો.

શ્રી હરગોવિંદભાઈનો દેહ એ રીતે **'મા'**ને તો જગાડી ગયો.

વૃદ્ધાવસ્થાનું એ દૃશ્ય, એ લાચારી, એ જ્ઞાન ભાન વિનાની દશા સ્વસ્થ માનવને સતત ઢંઢોળી ગઈ છે.

આ દશામાં હરિનામ પૂર્ણવિરામ, વાચન પૂર્ણવિરામ, ચિંતન પૂર્ણવિરામ, વાણી પૂર્ણવિરામ, હરિદર્શનના ધ્યેયની સંપૂર્ણ વિસ્મૃતિ, સ્વજનોની ઓળખ ઉપર પણ પૂર્ણવિરામ પામી છે.

અને સામેથી સતત બેચેની, સતત ભય, સતત ધીમા પ્રલાપો, સહનશક્તિની બાદબાકી, ભૂખ નામની બાદબાકી, માત્ર શરીર પડી રહ્યું છે. શ્વાસ ચાલે છે. પરતંત્રતા બધી જ પ્રવૃત્તિઓનું પૂર્ણવિરામ, મન સતત શરીરમાં રહે.

કેવી દશા છે? હે હરિ આવું વેદનાયુક્ત, વિસ્મૃતિયુક્ત ઘડપણ કોઈને ના ધરતો. દુશ્મનને પણ એ દશામાંથી મુક્ત રાખજે.

હરિનામ લેતા થાક લાગે, અને પ્રલાપો સતત ચાલુ હોય. જાતે ઉઠી ના શકે, બેસી ના શકે, ચાલી ના શકે, બોલી ના શકે.

આખું જીવન શ્રી હરગોવિંદભાઈનું સરળ, શાંત સૌ સાથે અનુકૂળ, અજાતશત્રુ જેવું જીવન છતાં ઘડપણમાં આ બધી વિપત્તિની વર્ષા ઝીલવાની, જોનારાને અચરજ થાય. શ્રી હરિના દરબારે ન્યાય છે કે અન્યાય એવી અશ્રદ્ધા જાગે. કર્મના સિદ્ધાંતનું ફળ અહીં સમજવું અઘરું લાગે.

આજે ૩૩૪ માળા થઈ ગઈ છે. બપોરે ૩ કલાક વિશ્રામ થયો છે.

કેનેડાના વનવિશ્રામમાં મંત્રજપની મસ્તી ફરી માણવા ભારતમાં એવા વિશ્રામની શોધ શરૂ થઈ છે. પ્રકાશભાઈ, રાજીવ, દીપેશ, બિરેન શોધ માટે સજ્જ થયા છે. આનંદ અને જગુભાઈ વેબસાઈટમાં શોધે છે. હે હરિ પ્રણામ પ્રણામ પ્રણામ.



## મુંબઈ તા. ૨૧.૧૧.૨૦૦૭

પક્ષીઓના મધુર મંગલ કલરવ સાથે તેમની યાત્રાને માણતું આ ભારતનું પ્રભાત **'મા'**ને પણ પ્રિય લાગ્યું છે. સૌ યથાશક્તિ ઉડે છે. સંગાથની ખાસ જરૂર નથી લાગતી. જાણે પોતે જ પોતાના સંગાથી. ક્યાંયે અટકતા નથી. કોઈનો આદેશ નથી. સૂર્યદેવતા પધારે અને પક્ષીઓ યાત્રા પ્રારંભ કરે.

સંત પધારે અને સાધક પોતાની અધ્યાત્મ યાત્રા આરંભે તેવું.

વિદેશમાં જાણે પક્ષીઓનો દુકાળ અને પક્ષીઓનું મૌન. આપણા ભારતદેશમાં તો કાગભાઈ કા, કા, કરીને, કુકડેકુક કરતા કુકડાભાઈ, કુહુ કુહુ કરતી કોયલબેન બધા જ માનવજગતને સત્કારવા સવારે જ સૌની સેવામાં હાજર થઈ જાય. ચીં ચી કરતી ચકલીબેન કે ઘૂ ઘૂ કરતા કબૂતરભાઈ. કેટકેટલા ભારતની ધરતીને પસંદ કરી અહીં જ નિત્યનિવાસ કરી સુમધુર સંગીત ધરી ધરતીને જાણે નવો પ્રાણ ધરી રહ્યા છે.

વિદેશમાં આ બધાથી જ વંચિત રહી જવાય. એટલે જેવા ભારતભૂમિ ઉપર ઉતરીયે ત્યાં જ એની વિશેષતાની કિંમત સમજાય. ને ભારતનું ગૌરવગાન સહજ રીતે ગવાયા કરે.

આ વખતે પેરીસથી આવતાં સતત મનમાં બે પંક્તિ રમતી રહી.

૧. મેરે દેશ કી ધરતી સોના ઉગલે...

૨. જહાં ડાલ ડાલ પર સોનેકી ચીડીયાં,
કરતી હૈ બસેરા વો ભાર ભારતદેશ હૈ મેરા.

એ પંક્તિ પ્રિય લાગી. સહજરીતે તે મનઅંતરે ગવાતી રહી.

ભારતની વિશેષતા દૂર જઇએ તો જ સમજાય તેવું છે.

અહીં આજે ભારતમાં કયા કયા સ્થળે મંત્રજપની સાધના થઇ શકે તેની ચર્ચા શ્રી જગનિર્મલ આનંદ, મધુભાઇ સાથે થઇ રહી છે. દાર્જીલિંગ, સિક્કીમ કે કન્યાકુમારી, કે મહાબળેશ્વર બધા જ સ્થળોની ચર્ચા થઇ છે.

આજે શ્રી જગનિર્મલ વિદાય લે છે. પોતાના વતન, પોતાના ઘરે. જ્યાં જ્યાં મમત્વ સ્થાપે ત્યાં ત્યાં મધમાખીની જેમ ચોંટે. જવું જરૂરી લાગે તો જાય છે, આવવું જરૂરી લાગે તો આવે છે. છોડવું જરૂરી લાગે તો છોડે છે. આ જવું, આવવું, ચોંટવું, છોડવું જાણે માનવયોનિના ચાર મુખ્ય વ્યાપાર. અનંતયુગોથી એ ટેવ—એ સ્વભાવ સતત લક્ષચોર્યાશીમાં ઘુમાવ્યા કરે છે.

શ્રીહરિ જ મારું વતન. શ્રીહરિ જ મારું ઘર, શ્રીહરિ જ મારી સંપત્તિ અને શ્રીહરિ જ મારું સર્વસ્વ એવું ઉગી જતાં આ આવ—જા બંધ થઇ જાય અને નિત્ય શ્રીહરિઅંકે જ નિવાસ. શ્રીહરિઅંકે જ નિત્ય નવી મોજ.

હે હરિ, સૌને એવી મોજ ધરી દો. સૌને આ ઘુમાવવાનું બંધ કરી દો. સૌની સાત્ત્વિક સંતતિ અને સંપત્તિ આપ જ બની જાવ. સૌનું વતન પણ આપ અને સૌનું જતન પણ આપ જ કરો.

ક્યાંયે કોઇને જવું ના પડે. સૌ શ્રીહરિની જ ફરતે પ્રદક્ષિણા કરતા રહે, સૌ શ્રીહરિદર્શનથી જ તૃપ્ત થઇ જાય. સૌ શ્રીહરિના કાર્યે સ્વચ્છ થઇ જાય. સૌ શ્રીહરિના નામે પવિત્ર થઇ જાય.

હે હરિ, આપના પ્રિય સાત્ત્વિક પાત્રો, પ્રિય પાત્રો, પ્રિય-ભક્ત બાળકો કાયમ જ આપની સાથે રહે તો આપને ક્યાં ભાર લાગે તેવો છે? આપ તો ખમતીધર ધણી છો. સૌને આપને આંગણે સમાવી લેજો. કદી તે સૌને ક્યાંયે ના બાંધતા. ભૂલમાં



પણ ક્યાંયે રમવા ના મોકલતા. રમવા જતાં જ તે ધૂળે ઢંકાઇ જશે. ખરડાઇ જશે. લોહીલુહાણ થઇ જશે. આપનાં બાળકોની એ દશા આપને માટે અસહ્ય થઇ જશે. એના કરતાં સૌ આપને જ આંગણે આપની જ પાંખમાં ભલે વસતા. હે હરિ વિચારજો.

★ ★ ★

આ ઘરના વડીલ સ્વજન શ્રી હરગોવિંદભાઇ પથારીવશ છે. લગભગ મૌન છે. અસહ્ય વેદના વધતાં દર્દભરી ચીસ પાડી ઊઠે છે.

પણ એ વૃદ્ધવડીલનો પ્રેમ પામી સૌ એમની પડખે છે. પૌત્ર આનંદ તો દાદાનો મિત્ર બનીને રાતદિવસ રમાડતો, પટાવતો, પંપાળતો રહીને અદ્ભુત સેવા કરી રહ્યો છે. જાણે દાદાજીએ ધરેલો પ્રેમ ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે વાળી રહ્યો છે. તો બેન નીલા પણ પિતાને કાલાવાલા કરી કરીને થોડુંક થોડુંક અનાજ ખવડાવી દે છે. સતત પિતાની પડખે રહી તેની બધી જ સેવા મળમૂત્રની કે સ્નાનની, માલીશની કે ભોજનની સર્વ સ્વચ્છતા સાથે બેન નીલા તથા ભાઇ આનંદ કરી રહ્યા છે.

શ્રી હરગોવિંદભાઇનું સદ્ભાગ્ય છે કે એમને આવાં સેવા-ભાવી, પ્રેમાળ, સંસ્કારી પાત્રો મળ્યાં છે. આ યુગમાં આ શહેરમાં આવી સેવા સાચે જ સૌએ જોવા જેવી—શીખવા જેવી છે.

આજે ૩ કલાક વિશ્રામ થયો છે. આખી રાત ને આખો દિવસ જાગવાનું બને છે. માત્ર સાંજે ૩ કલાક શ્રીહરિમંચે જાણે પડદો પડે છે. પાછો ૩ કલાકના ઇન્ટરવલ પછી પાછો અભિનય પ્રારંભ પામે છે.

આ **'મા'** જે માનવશરીરે—શ્રીહરિમંચે ઊભાં છે એ મંચ

ઉપર ધારેલા અભિનયો થયા કરે છે. કેટલાક દૂર રહી દૂરબીનથી જુએ છે કેટલાંક પાસે આવી જોઇ લે છે. કેટલાક સતત સાથે રહીને એ અભિનય સમજવા પ્રયત્ન કરે છે. તો કેટલાક એ અભિનયને પોતાની મર્યાદિત આંખે મૂલવ્યાં કરે છે. જેવી જેની દૃષ્ટિ, જેવી જેની પાત્રતા, જેવી જેની પાચનશક્તિ તેવું તે પામે.

★ ★ ★

આજે બેન આશલ નવજીવનમાં પ્રવેશે છે. **'મા'** તેને ફૂલ, મીઠાઇ મોકલી શુભેચ્છા પહોંચાડે છે. શ્રી તરલાબેનનું એક માત્ર સંતાન આશલ સંસ્કારી, ડાહી, સમજુ છે. **'મા'** પાસે ઘણીવાર આવે છે. **'મા'** ઉપર શ્રદ્ધાભક્તિ પણ છે. એવાં પાત્ર માટે **'મા'** પણ પોતાની ફરજ તો બજાવી જ લે છે.

★ ★ ★

હે સાવિત્રીબેન—હે નારાયણદાસ, આપનું આરોગ્ય સાથેનું લાંબુ જીવન હજો. સર્વ સંપત્તિ સર્વોત્તમ સત્કર્મે પહોંચે તમારી સર્વ સાત્ત્વિક ઇચ્છા પ્રભુ પૂર્ણ કરે. અમારી સર્વ શુભેચ્છાભરી પ્રાર્થના. હે પ્રભુ! પ્રણામ. પ્રણામ. પ્રણામ.



# કર્તૃત્વ રહસ્ય

સ્વામી ચિદાનંદ સરસ્વતી

**इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥** (૫–૮ ને ૯)

"હું કરતો નથી કાંઇ તત્ત્વજ્ઞ યોગી માનતો,
ઇન્દ્રિયો પોતપોતાના વિષયોમાં રમે જ છે."

હું કોઇ પણ કર્મ કરતો નથી—આત્મા કંઇ પણ કરતો નથી—કેવળ ઇન્દ્રિયો પોતપોતાના વિષયો ગ્રહણ કરે છે, એમ તત્ત્વવિદ્ યોગી માને છે. આવું કેવળ મોઢેથી બોલ્યાનો કંઇ જ અર્થ નથી. આમ બોલવાનો અધિકાર તેને જ છે કે જે યોગી છે તેમ જ જે તત્ત્વજ્ઞાની પણ છે. વળી,

**नान्यं गुणेभ्यः कर्तारं, यदा दृष्टानुपश्यति ।**
**गुणेभ्यश्च परं वेत्ति, मद्भावं सोऽधिगच्छति ॥** (૧૪–૧૯)

"ગુણોથી અન્ય ના કર્તા દૃષ્ટા એમ જુવે યદા,
પોતાને ગુણથી ભિન્ન યદ્રૂપ થાય એ તદા."

જ્યારે દૃષ્ટા (જીવાત્મા) ગુણો સિવાય કર્મનો કર્તા બીજું કોઇ નથી એમ જુવે છે—અનુભવે છે—અને પોતાને ગુણોથી પર—શરીરથી ભિન્ન—સમજે છે, ત્યારે તે મારાં સ્વરૂપને પામે છે—ભગવદ્રૂપ થઇ જાય છે.

આ બધાંએ દૃષ્ટાંતથી આપણે જોયું કે કર્મમાત્ર સંપાદન થાય છે પ્રકૃતિથી કે તેના ગુણોથી.

હવે અહીં એક વાત સમજી લઇએ. ગીતામાં જ્યાં જ્યાં પ્રકૃતિથી કે તેના ગુણોથી કાર્ય સંપાદન થાય છે એમ કહ્યું હોય, ત્યાં ત્યાં પ્રકૃતિ કે તેના ગુણોનું કાર્ય જે આ શરીર છે તેને કર્મનું

કર્તા સમજવું—એટલે કે શરીર દ્વારા જ કર્મ સંપાદન થાય છે એમ સમજવું. ગીતાના ચૌદમા અધ્યાયના વીશમા શ્લોકમાં ભગવાને સ્પષ્ટ કહ્યું છે કે શરીર ગુણોનું કાર્ય છે.

પરમાત્મા ચેતન સ્વરૂપ છે જ્યારે શરીર લોઢા કે લાકડા જેવું જડ છે, તો પછી બન્નેમાં કર્તૃત્વનું આરોપણ શી રીતે સંભવે? આ બે પરસ્પર વિરુદ્ધ દેખાતી વાતનો સમન્વય કરવા માટે શરીરની રચના સમજવી જોઈશે. તે સમજ્યા પછી કર્તૃત્વ રહસ્ય, બહુ સરળતાથી સમજી શકાશે.

એક માણસ મરી જાય છે ત્યારે શું થાય છે? આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ અને બોલીએ પણ છીએ કે અમુક માણસના પ્રાણ નીકળી ગયા. એટલે માણસ મરણ પામે છે ત્યારે તેના પ્રાણ શરીરને છોડીને ચાલ્યા જાય છે તે સર્વ કોઈના અનુભવની વાત છે. પ્રાણ ગયા પછી મૃતદેહને આપણે બાળી કે દાટી દઈએ છીએ. કારણ તેમ ન કરીએ તો તે સડવા માંડે અને તેની દુર્ગન્ધ જીવતાં માણસથી સહન ન થાય એટલું જ નહિ પણ તેનું આરોગ્ય બગડે. આટલા માટે કોઈ પણ રીતે મૃત શરીરને પંચ-મહાભૂતમાં મેળવી દેવાની વ્યવસ્થા છે.

હવે જ્યારે પ્રાણ શરીર છોડીને ચાલ્યા જાય છે, ત્યારે બીજાં તત્ત્વો પણ તેની સાથે ચાલ્યાં જાય છે, પણ તે અતિ સૂક્ષ્મ હોઈ, કોઈ પણ ઇન્દ્રિય દ્વારા તેનું જ્ઞાન થતું નથી. આ તત્ત્વો છે, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને અગિયારમું અંતઃકરણ. પ્રાણ પાંચ છે અને તે આખાએ શરીરમાં પોતપોતાના સ્થાનમાં રહે છે. તેની સાથે ઉપર જણાવેલ અગિયાર તત્ત્વો મળતાં, કુલ સોળ તત્ત્વો શરીરને છોડીને ચાલ્યાં જાય છે. આ સોળ તત્ત્વના સમૂહને ''સૂક્ષ્મ શરીર'' એવું નામ અપાય છે.



આ સૂક્ષ્મ શરીર પણ પ્રકૃતિનું જ કાર્ય હોઈ સ્વભાવે જડ છે. પરંતુ સ્થૂલ શરીર જેવું તદ્દન જડ પણ નથી, તેમ જ આત્મા જેવું સ્વતઃ ચૈતન્ય પણ નથી, પણ મધ્યભાવી છે. આમાં પણ અંતઃકરણ, શુદ્ધ સાત્ત્વિક અંશનું કાર્ય હોઈ, અતિ સૂક્ષ્મ છે અને તેથી તે આત્માનો પ્રકાશ ઝીલી શકે છે. આમ આત્માનો પ્રકાશ ઝીલી, અંતઃકરણ પોતે શક્તિશાળી બની, પ્રાણમાં તેમ જ ઇન્દ્રિયોમાં શક્તિ પૂરી, આખા સ્થૂલ શરીરને પણ ચેતનવંતું બનાવે છે. આમ જ્યાં સુધી સૂક્ષ્મ શરીર સ્થૂલ શરીરમાં હોય ત્યાં સુધી જ સ્થૂલ શરીર જીવતું રહી શકે છે, અને જ્યારે સૂક્ષ્મ શરીર તેને છોડીને ચાલ્યું જાય છે, ત્યારે તે મડદું કહેવાય છે.

આ વાત વીજળીના દૃષ્ટાંતથી બરાબર સમજાય તેમ છે તો તે સમજીએ.

વીજળીનો ગ્લોબ તો સર્વ કોઈએ જોયો જ હોય. બહારના ભાગમાં એક કાચનો બંધ ગોળો હોય છે. તેની અંદર એક ચકરડા જેવું હોય છે. હવે વીજળી જ્યારે આ ગ્લોબમાં આવે છે ત્યારે તેનો પ્રકાશ આ ચકરડું ઝીલે છે. આવી રીતે, પહેલાં તો ચકરડું વીજળીની શક્તિથી પ્રકાશવાળું થાય છે, અને તે પ્રકાશ ઉપરના કાચના ગોળામાં ફેલાતાં ગોળો પણ પ્રકાશે છે, અને તેના દ્વારા બહાર અજવાળું થાય છે.

વીજળીની બત્તીમાં જેમ ચકરડું વીજળીનો પ્રકાશ ઝીલી, બહારના ગોળાને પ્રકાશવંતો કરે છે, તેવી જ રીતે અંતઃકરણ આત્માનો પ્રકાશ ઝીલી, પોતે પ્રકાશવંતું બની, પ્રાણ અને ઇન્દ્રિયો દ્વારા, સ્થૂલ શરીરને પ્રકાશવંતું બનાવે છે. હવે કોઈ કારણસર આ ચકરડું બગડી જાય તો, વીજળીનો પ્રકાશ બહાર-ના ગોળામાં દેખાય નહિ, કેમ કે તેનામાં વીજળીનો પ્રકાશ

ઝીલવાનું સામર્થ્ય નથી. તેવી જ રીતે સૂક્ષ્મ શરીર જ્યારે સ્થૂલ શરીરને છોડીને ચાલ્યું જાય ત્યારે, તેમાં આત્માનો પ્રકાશ દેખાતો નથી, કારણ સ્થૂલ શરીરમાં તે પ્રકાશ ઝીલવાનું સામર્થ્ય નથી.

હવે અહીં ઇન્દ્રિયો વિશે થોડું સમજી લઈએ, કેમ કે ભણેલા માણસો પણ તેમાં ભૂલ કરે છે. એક વિદ્વાન માણસે અમને એક વખત પૂછ્યું હતું કે ઇન્દ્રિયો પણ પ્રાણની સાથે ચાલી જાય છે, તે વાત કેમ માની શકાય? આપણે તો તેને શરીરની સાથે જ બાળી કે દાટી દઈએ છીએ. શરીરના નાશ સાથે આંખ, કાન, નાક વગેરે જ્ઞાનેન્દ્રિયો, તેમ જ હાથ, પગ વગેરે કર્મેન્દ્રિયોનો નાશ થતો તો આપણે પ્રત્યક્ષ દેખીએ છીએ, તો પછી આમ કહેવાનો અર્થ શો?

અહીં જ માણસો ભૂલ ખાય છે. શરીર ઉપર—સ્થૂલ શરીરમાં જે જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે તે તો ઇન્દ્રિયોને રહેવાનાં સ્થાન છે. આંખનો અવયવ કાંઈ જોવાની ઇન્દ્રિય નથી, પણ તે તો તેને રહેવાનું નિયત સ્થાન છે. તેવી જ રીતે કાનનો અવયવ સાંભળવાની ઇન્દ્રિયને, નાકનો અવયવ સુંઘવાની ઇન્દ્રિયને રહેવાનાં સ્થાન માત્ર છે. આવી જ વાત કર્મેન્દ્રિયોની છે. હાથનો અવયવ હસ્તઇન્દ્રિયનું નિવાસસ્થાન છે ને પગનો અવયવ પાદઇન્દ્રિયને રહેવાની જગ્યા માત્ર છે. આપણે રહેવાના ઘરથી આપણે જેમ જુદા છીએ, તેમ જ ઇન્દ્રિયો પણ તેને રહેવાનાં સ્થાનોથી જુદી છે. ઇન્દ્રિયો તો સૂક્ષ્મ શક્તિઓ છે, જ્યારે તેને રહેવાનાં સ્થાનો જડ શરીરમાં હોઈ જડ છે અને શરીરની સાથે નાશ પામે છે.

હવે આપણે કોઈ પણ કર્મ કેવી રીતે સંપાદન થાય છે તે



સમજી શકીશું. આ રહસ્ય સમજાવતી એક નાનકડી બાળવાર્તા છે તે જોઈએ :

આંબેથી બે કેરી પડી,
તેને દીઠી બે જણે.
જેણે દીઠી તે કેરી લેવા દોડ્યા નહિ.
દોડ્યા બીજા બે જણા.
કેરી લેવા દોડ્યા હતા, તેણે તે લીધી નહિ.
પણ તે કેરી લીધી બીજા બે જણે.
જેણે તે કેરી લીધી તેણે તે ખાધી નહિ.
પણ ખાધી બીજા એકલે.

આ વાત બહુ જ બાળપણમાં સાંભળેલ, પણ તેનું રહસ્ય આજે સમજાય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા, અધ્યાય પાંચ, શ્લોક આઠ અને નવ સમજાવવાનો આમાં પ્રયાસ હોય એમ લાગે છે.

આંબેથી બે કેરી પડી, તે બે આંખોએ જોયું. હવે કેરી લેવા માટે આંખો કંઈ જઈ શકે નહિ, તેથી બે પગ તે લેવા માટે દોડ્યા. પણ પગ કંઈ તે કેરી લઈ શકે નહિ, તેથી બે હાથે તે કેરી લીધી. હવે કેરી ખાવાનું કામ કંઈ હાથથી થાય નહિ એટલે તે કામ મોઢાએ કર્યું. આ જ વાર્તાને વધારે લંબાવીએ તો, મોઢું કંઈ તેનો સ્વાદ અનુભવી શકે નહિ, તેથી સ્વાદનો અનુભવ જીભે કર્યો, અને તેનાથી તૃપ્તિનો અનુભવ પ્રાણને થયો, અને આ બધી ક્રિયાનો આનંદ અંતઃકરણે માણ્યો. આમ પ્રત્યેક ઇન્દ્રિયે પોતપોતાનું કાર્ય કર્યું, આત્મા તો કેવળ દ્દષ્ટારૂપે જ હતો.

એક બીજું દ્દષ્ટાંત લઈએ. આપણે જમવા બેસીએ છીએ ત્યારે, થાળી સ્થૂલ શરીરની પાસે મૂકવામાં આવે છે. હાથ

તેમાંથી કોળીઓ લઈ મોઢામાં મૂકે છે, દાંત ચાવવાનું કામ કરે છે, જીભ સ્વાદનો અનુભવ કરે છે, પ્રાણ કોળીએ કોળીએ તૃપ્તિ અનુભવે છે, અને અંતઃકરણ આ બધીએ ક્રિયાનું સંચાલન કરતાં કરતાં આનંદ માણે છે. ત્યાર પછી નૈસર્ગિક વ્યાપાર ચાલુ થાય છે, કે જેમાં અંતઃકરણની પ્રેરણાની જરૂર નથી પડતી. ખાધેલું હોજરીમાં જતાં, ત્યાં અમુક જાતની રસાયણિક ક્રિયા થાય છે. તે ખોરાક વાયુ દ્વારા આગળ ધકેલાય છે. આંતરડાં તેમાંથી રસ ચૂસી લે છે, અને આ રસ છએ ધાતુમાંથી થતાં છેક બત્રીશ દિવસે વીર્ય બને છે. રસ ચૂસાયા પછી, પ્રવાહી ભાગ પેશાબ દ્વારા, અને નક્કર ભાગ દસ્ત દ્વારા બહાર નીકળી જાય છે. એક ભોજનની ક્રિયામાં આટલા બધા અવયવોએ પોતપોતાનું કામ કર્યું. આત્મા તો આ બધી ક્રિયા-ઓ સાક્ષીભાવે જોવાવાળો છે.

આટલે સુધી આવતાં આપણે જોયું કે અંતઃકરણ જ તમામ કર્મનું સંપાદન કરે છે. આત્મા તો કેવળ નિરપેક્ષ ભાવે આ ક્રિયાઓને જોનાર છે. અંતઃકરણ આત્માનો પ્રકાશ ઝીલી, પોતે શક્તિશાળી બને છે, અને સારાયે શરીરને ચેતનવંતું કરે છે તે પણ આપણે જોયું, અને વીજળીના દૃષ્ટાંતથી બરાબર સમજ્યા.

હવે અંતઃકરણ કેવી રીતે કર્મ સંપાદન કરે છે તે એક દૃષ્ટાંતથી સમજીએ, એટલે તેનું કર્તૃત્વ સમજાઈ જશે.

આપણે એક ખુરશી બનાવડાવવી છે, તેને માટે એક સુતારને બોલાવ્યો. સુતારે આવી પોતાની થેલીમાંથી વિવિધ ઓજારો બહાર કાઢી એક સરખાં ગોઠવીને મૂક્યાં. તે સુતાર લાકડું ઘડવું હોય ત્યારે વાંસલાથી તેને ઘડે છે અને તેને સાફ કરવું હોય ત્યારે રંદાવતી તેને સાફ કરે છે; લાકડાને વેરવું હોય ત્યારે કરવતનો ઉપયોગ કરે છે અને કાણાં પાડવાં હોય ત્યારે



શારડીને ઉપયોગમાં લે છે, અને ખીલા ઠોકવા હોય ત્યારે હથોડી વાપરે છે. ...આમ સુતાર જુદાં જુદાં કામ માટે ભિન્ન ભિન્ન ઓજાર વાપરે છે, અને ખુરશી તૈયાર કરે છે.

આવી જ રીતે અંતઃકરણને જોવું હોય ત્યારે તે આંખનો ઉપયોગ કરે છે, અને સાંભળવું હોય ત્યારે કાનનો, શરીરને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવું હોય ત્યારે પગનો ઉપયોગ કરે છે, અને લેવડદેવડ કરવી હોય ત્યારે હાથનો; ગંધનું જ્ઞાન મેળવવું હોય ત્યારે નાકનો ઉપયોગ કરે છે, અને રસના જ્ઞાન માટે જીભનો, આમ વિવિધ કાર્યો માટે તેની પાસે પણ સુતારની પેઠે ભિન્ન ભિન્ન સાધનો છે, અને દરેક સાધનનો યથાયોગ્ય ઉપયોગ કરવા તે સ્વતંત્ર છે. આમ અંતઃકરણ કર્મનું કર્તા થયું, અને ઇન્દ્રિયો તેને કર્મ કરવાનાં સાધનો થયાં.

આ પ્રસંગ શ્રીશંકરાચાર્યે આમ સમજાવ્યો છે :

**आत्मचैतन्यमाश्रित्य देहेन्द्रियमनोधियः ।**
**स्वकीयार्थेषु वर्तन्ते सूर्यालोकं यथा जनाः ॥**

"આત્માથી મેળવી સત્તા; દેહ, ઇન્દ્રિય ને મન,
કરે છે નિજ કર્તવ્યો સૂર્યોદયે જનો યથા."

એટલે કે ચેતન સ્વરૂપ એવા આત્માનો પ્રકાશ પામી, દેહ, ઇન્દ્રિયો, મન તેમ જ બુદ્ધિ પોતપોતાના વ્યવહાર કરવા સમર્થ થાય છે; જેમ સૂર્યના પ્રકાશના આશ્રયથી, માણસો પોતાના વ્યવહાર કરવા સમર્થ થાય છે તેમ.

મન અને બુદ્ધિ તો અંતઃકરણની બે વૃત્તિ છે એટલે આ જ વાત વધારે વિગતવાર સમજીએ તો અંતઃકરણ આત્માનું ચૈતન્ય મેળવી, ઇન્દ્રિયો તેમ જ પ્રાણમાં ચૈતન્ય પૂરી, સ્થૂલ શરીર દ્વારા તમામ વ્યવહાર કરવા સમર્થ બને છે.

સૂર્ય જેમ કોઈનો હાથ પકડીને તેને તેના વ્યવહારમાં જોડતો નથી, તેવી જ રીતે આત્મા પણ કોઈને વ્યવહારમાં જોડતો નથી. તેનું કામ તો સૂર્યની પેઠે પ્રકાશ આપવા પૂરતું જ છે, પ્રવૃત્તિ તો પોતપોતાના સ્વભાવ કે પ્રકૃતિ પ્રમાણે થયા કરે છે. આત્મા કશું કરતોયે નથી તેમ કરાવતોયે નથી. કેવળ '**स्वभावस्तु प्रवर्तते ।**'

હવે અંતઃકરણ જ્યારે કર્મનું કર્તા છે ત્યારે કરેલાં કર્મનાં ફળ પણ તે જ ભોગવતું હોવું જોઈએ. કર્મ એક કરે અને તેનું ફળ બીજો ભોગવે તેમ બને જ નહિ, ભીમજી જુલાબની દવા પીએ, અને શંકરને દસ્ત થાય એમ બને જ નહિ, તેમ જ મગનલાલ માલ મંગાવે, અને જયન્તીલાલ જકાત ભરે તેવું બને નહિ. જે જુલાબ લે તેને જ દસ્ત થાય, અને જે માલ મંગાવે તેને જ જકાત પણ ભરવી પડે. એટલે અંતઃકરણ કર્મ કરે છે તેથી તેનાં ફળ પણ તેણે જ ભોગવવાં જોઈએ, અને થાય છે પણ તેમ જ. ઈશ્વરની સૃષ્ટિમાં અન્યાય હોય જ નહિ.

આ વાત અન્વય વ્યતિરેકયુક્તિથી સમજી શકાશે. જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં અંતઃકરણ હાજર છે એટલે તે બન્ને અવસ્થામાં, સુખદુઃખનો અનુભવ થાય છે; જ્યારે સુષુપ્તિ અવસ્થામાં, અંતઃકરણ લીન થયેલ હોઈ, કાર્ય સન્મુખ નથી હોતું તેથી ત્યાં સુખદુઃખના ભોગ પણ દેખાતા નથી. આમ અંતઃકરણમાં કર્તૃત્વપણું છે, એટલે તેનાં ફળનું ભોક્તૃત્વ પણ તેમાં જ છે.

હવે કર્મનાં ફળ ભોગવવા માટે તો અનેક શરીરો જોઈએ, તેથી અંતઃકરણ કર્મના ભોગ પ્રમાણે ઊંચી નીચી જાતનાં શરીરો ધારણ કરે છે, એટલે કે સારીમાઠી યોનિયોમાં ભ્રમણ પણ અંતઃકરણનું જ થાય છે.



આ સારાએ પ્રસંગમાં અંતઃકરણ એટલે આખુંએ સૂક્ષ્મ શરીર સમજવું. કારણ સૂક્ષ્મ શરીરમાં ખરું કાર્ય તો અંતઃકરણનું જ છે, અને તેણે પ્રાપ્ત કરેલ ચેતનથી જ સૂક્ષ્મ શરીર કાર્ય કરવા સમર્થ થાય છે. એક રૂપકથી સમજીએ તો આમ સમજાય. ઇન્દ્રિયો રથરૂપ છે અને પ્રાણ ગતિવાળા હોઈ તે રથના ઘોડારૂપ છે. અંતઃકરણ રાજાની પેઠે તે રથમાં બેસીને તમામ વ્યવહાર કરે છે.

આત્મા તો નિરપેક્ષ ભાવે આ બધું જોવાવાળો છે. પરંતુ ઈશ્વરની માયાને લીધે, આત્મા પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે, અને તેથી અંતઃકરણનું કર્તૃત્વ પોતે પોતાને માથે ઓઢી લે છે, અને પરિણામે તે તે કર્મનાં ફળનો ભોક્તા પણ પોતાને માની લે છે. આમ થતાં તે જીવભાવને પામે છે, અને દેહાધ્યાસ દૃઢ થતાં, સ્થૂલ શરીરનાં જન્મમરણને પોતાનાં માની જન્મમરણનું દુઃખ વેઠે છે, તેમ જ સૂક્ષ્મ શરીરનાં ઊંચી નીચી યોનિઓમાં ભટકવાને પોતાનું ભ્રમણ થતું માની, ભવાટવીમાં ભ્રમણ કરતો થઈ જાય છે.

એક કવિએ જીવની વ્યાખ્યા આમ આપી છે :

**कर्ता भोक्ता देह मैं यही जीवका रूप ।**
**जब आपे कर्ता नहि केवल शिवस्वरूप ॥**

ભાવ એમ છે કે કર્તાભોક્તા તો શરીર છે, પણ આત્મા ભ્રમથી પોતાને શરીરરૂપ માની, પોતે કર્તાભોક્તા બની જાય છે. પણ જો સદ્‌ગુરુકૃપાથી, હું કર્તાભોક્તા નથી, એવું સમજી જાય તો, આત્મા પરમાત્મારૂપ તો છે જ, એમાં કંઈ કરવાપણું નથી. એટલે કર્તાભોક્તાપણાના ભ્રમની નિવૃત્તિ માત્રથી આત્મા પોતાના સ્વરૂપને પામે છે.

પહેલાં આપણે ઉપનિષદ્‌ની આખ્યાયિકાથી એવું નિરૂપણ કર્યું કે પરમાત્માની શક્તિથી જ કર્મ માત્ર સંપાદન થઇ શકે છે, કારણ તેના સિવાય બીજી કોઇ ચેતન શક્તિ નથી, કે જેના સામર્થ્યથી કર્મ થઇ શકે. ત્યાર પછી ભગવદ્‌ગીતાનો ઉલ્લેખ કરી આપણે એમ કહ્યું કે કર્મ માત્ર થાય છે શરીરથી અને મૂઢ થયેલો આત્મા પોતાને ભ્રમથી કર્તા માને છે. ત્યાં આપણે એમ કહ્યું કે શરીર તો જડ છે તો તે કેવી રીતે કર્મ કરી શકે? આ પ્રશ્નના જવાબરૂપે આ નિબંધમાં આપણે વિગતવાર જોયું કે અંતઃકરણ, સ્વભાવે જડ હોવા છતાં, સૂક્ષ્મ તેમ જ સ્થૂલ શરીર દ્વારા કર્મ કરે છે, અને કર્મના ફળ પણ તે જ ભોગવે છે, તેમ જ નીચઊંચ યોનિઓમાં ભ્રમણ પણ તેનું જ થાય છે. એટલે શરીર જ કર્મનું કર્તા છે તે ગીતાની વાત યથાર્થ છે.

હવે જ્યારે પરમાત્માને કર્તા માનીએ ત્યારે શું થાય છે તે જોઇએ. પરમાત્મા ચેતન સ્વરૂપ છે અને સત્તામાત્ર છે. તેની સત્તાથી જ આ સમગ્ર વિશ્વવ્યવહાર ચાલી રહ્યો છે. છતાં પણ પરમાત્મા કંઇ સુતારની પેઠે કે અંતઃકરણની પેઠે વિવિધ સાધનોથી પોતાનું કાર્ય કરતા નથી, વળી તેને કર્મ કરવાનું કોઇ પ્રયોજન ન હોવાથી, પરમાત્મા તો સર્વ કર્તા છતાં અકર્તા જ છે, તેમ જ સર્વ—ભોક્તા છતાં અભોક્તા જ છે.

પરમાત્માના સાંનિધ્ય માત્રથી પ્રકૃતિ સામર્થ્યવાળી બને છે, અને તે જ સંસારચક્રને ચાલુ રાખે છે. ગીતામાં જ ભગવાન કહે છે :—

**मयाऽध्यक्षेण प्रकृतिः, सूयते सचराचरम् ।**
**हेतुनाऽनेन कौन्तेय, जगद्विपरिवर्तते ॥**

''પ્રકૃતિ રચતી વિશ્વ મારા સાન્નિધ્ય માત્રથી,



અને આ કારણે પાર્થ જગચ્ચક્ર ફર્યા કરે.''

હે અર્જુન! મારો આશ્રય લઇને પ્રકૃતિ, જડચેતન જગતને ઉત્પન્ન કરે છે, અને આ કારણથી જ આ વિશ્વના વ્યવહાર અનવરત ચાલ્યા કરે છે.

આ આખાએ નિબંધનો સાર એટલો જ આવ્યો કે કર્મમાત્ર સંપાદન થાય છે પ્રકૃતિથી કે તેના ગુણોથી—એટલે કે શરીરથી, અને તેથી આત્માએ શરીરનું કર્તૃત્વ પોતા ઉપર ન ઓઢી લેવું જોઇએ. પરમાત્માના સાન્નિધ્ય માત્રથી પ્રકૃતિ પોતાનું કાર્ય કરી શકે છે, એટલે કે પરમાત્માની શક્તિ વડે જ બધાં કર્મ થઇ શકે છે તેથી કર્તાપણાનું અભિમાન ન રાખવું જોઇએ. આ અભિમાનથી જ સંસારભ્રમણ ચાલુ રહે છે.

ભક્ત કવિ નરસિંહ મહેતાએ ગાયું છે કે :

હું કરું હું કરું એ જ અજ્ઞાન છે,
શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિમંડાણ છે સર્વ એણી પેરે,
જોગી જોગેશ્વરા કોક જાણે.

કર્તૃત્વ અહંકારથી જ જન્મમરણ રૂપ પ્રવાહ ચાલુ રહે છે, એવું તો કોઇક જ સમજે છે.

**नरहरिः कुरुतां जगतां शिवम् ।**

**(અધ્યાત્મ માર્ગદર્શન ભાગ—૫ માંથી સાભાર)**

# મૃત્યુ સાથે મુલાકાત

## (સ્વામી રામના આધ્યાત્મિક અનુભવો)

સંપાદન : અજય
અનુ. : કુન્દનીકા કાપડીયા

આ કથાનો પૂર્વ ભાગ હું સાત વર્ષની ઉંમરનો હતો ત્યારથી છે, અંતિમ ભાગ હું અઠ્ઠાવીસ વર્ષનો હતો ત્યારનો.

હું સાત વર્ષનો હતો, ત્યારે મારા એક સ્વજને બનારસના કેટલાક વિદ્વાન પંડિતો અને જ્યોતિષીઓને મારું ભવિષ્ય જાણવા માટે બોલાવેલા. હું બારણાની બહાર ઊભો રહીને, તે લોકો જે કહેતા હતા તે તેમની જાણ બહાર સાંભળતો હતો. એ બધાએ કહ્યુંઃ 'આ છોકરો અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે મૃત્યુ પામશે.' અને તેમણે ચોક્કસ દિવસ પણ કહ્યો.

હું એટલો વ્યગ્ર થયો કે ડુસ્કાં ભરીને રડવા માંડ્યો. પછી મને વિચાર આવ્યોઃ મારું આયુષ્ય તો આટલું ટૂંકું છે. હું કાંઇ પણ પ્રાપ્તિ કર્યા વિના જ મરણ પામીશ મારું જીવન કાર્ય હું શી રીતે પૂરું કરી શકીશ?

મારા ગુરુ આવ્યા અને પૂછવા લાગ્યા : 'કેમ રડે છે?'

'હું તો મરી જવાનો છું', મેં કહ્યું.

'કોણે તને એવું કહ્યું?'

મેં કહ્યુંઃ 'આ બધા લોકોએ.' અને મેં અંદર એકઠા થયેલા જ્યોતિષીઓ ભણી આંગળી ચીંધી.

એમણે મારો હાથ પકડ્યો અને કહ્યુંઃ 'ચાલ.' તેમણે મને રૂમમાં લઇ જઇ જ્યોતિષીઓ સમક્ષ ઊભો કરી દીધો. 'તમે



ખરેખર એમ કહેવા માગો છો કે આ છોકરો અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે મરણ પામશે?' તેમણે પૂછ્યું.

એકીસાથે અવાજ આવ્યોઃ 'હા.'

'તમને ખાતરી છે?'

'હા, એ વખતે એ મૃત્યુ પામશે. અને કોઇનામાં એ અટકાવવાની તાકાત નથી.'

મારા ગુરુ મારી તરફ ફર્યા અને બોલ્યાઃ 'તને ખબર છે? તારા પહેલાં આ બધા જ્યોતિષીઓ મૃત્યુ પામશે અને તું તો લાંબો વખત જીવશે, કારણ કે હું તને મારાં વર્ષો આપીશ.'

પેલાઓએ કહ્યુંઃ 'એવું શી રીતે બની શકે?'

મારા ગુરુએ ઉત્તર આપતાં કહ્યું : 'તમારી આગાહી ખોટી છે. જ્યોતિષશાસ્ત્રની પાર પણ કંઇક છે.' પછી મને કહ્યું : 'ચિંતા કરીશ નહિ પણ તારે એ દુર્ભાગી દિવસે મૃત્યુનો સાક્ષાત્ અનુભવ તો કરવો પડશે.'

વચ્ચેનાં વર્ષોમાં આ ભવિષ્ય-કથન વિશે હું બધું ભૂલી ગયો હતો.

હું અઠ્ઠાવીસ વર્ષનો થયો ત્યારે મારા ગુરુએ મને હૃષીકેષથી ૬૦ માઇલ દૂર ૧૧,૧૧૦ ફીટની ઊંચાઇએ એક પહાડના શિખર પર જવાનું કહ્યું. ત્યાં મેં નવ દિવસ દુર્ગાપૂજા કરી. મેં લાકડાની સપાટો અને કૌપીન પહેર્યાં હતાં. ને સાથે શાલ અને પાણીનું એક કમંડળ હતું. એ સિવાય બીજું કશું મારી પાસે નહોતું. હું જંગદંબાની સ્તુતિઓ ગાતો અને શ્લોકો ઉચ્ચારતો મુક્ત પણે પહાડોમાં ફરતો હતો. પહાડો તો મારું ઘર હતા. એક વાર હું ૨૦,૦૦૦ ફૂટ જેટલો ઊંચે ચડ્યો હતો અને મને

આત્મવિશ્વાસ હતો કે હું કોઇ પણ પહાડ વિશેષ સાધનોની મદદ વગર પણ ચડી શકું.

એક દિવસ હું એક સીધી ભેખડની ધાર પર ગાતો ગાતો ચાલતો હતો. એ એકાંતમાં જાણે હું જ ઈશ્વર હોઉં એવું મને લાગતું હતું. હું પહાડોની ટોચ તરફ ચડતો હતો. ત્યાં એક નાનું મંદિર છે. ત્યાં મારે જંગદંબાની પૂજા કરવી હતી. ચારે તરફ પાઇનનાં વૃક્ષો હતાં. અચાનક પાઇનની ખરેલી સળીઓ પરથી મારો પગ લપસ્યો અને હું ગલોટિયાં ખાતો નીચે પડવા લાગ્યો. મને થયું કે ખલાસ હવે જીવનનો અંત આવી ગયો. પણ હું ૫૦૦ ફૂટ જેટલો ગબડ્યો કે એક નાની કાંટાળી ઝાડી આવી. એની એક અણિયાળી ડાળી મારા પેટમાં ઘૂસી ગઇ અને તેને લીધે હું અટકી પડ્યો. મારા વજનથી ઝાડી હલવા લાગી. પહેલાં મેં પહાડ તરફ જોયું પછી નીચે ખીણમાં વહેતી ગંગા તરફ. મેં આંખો બંધ કરી દીધી પછી મેં ફરી આંખો ઉઘાડી ત્યારે ડાળી પેટમાં જ્યાં ઘૂસી ગઈ હતી ત્યાંથી મેં લોહી વહેતું જોયું. પણ સાક્ષાત્ મૃત્યુ સામે આવી ઊભું હતું. એની આગળ એની શી વિસાત? મૃત્યુની બીકમાં મેં એ પીડા તરફ ધ્યાન ન આપ્યું.

મને આવડતા હતા એ બધા મંત્રો હું ઉચ્ચારી ગયો ખ્રિસ્તી અને બૌદ્ધ મંત્રો પણ મેં ભણ્યા. હું ઘણા મઠોમાં ગયો હતો અને બધા ધર્મના મંત્રો શીખ્યો હતો, પણ એક્કે મંત્ર કામ લાગ્યો નહિ. મેં ઘણા દેવતાઓનું સ્મરણ કર્યું. હું બોલવા લાગ્યોઃ ‘હે ફલાણાદેવ, મને મદદ કરો.’ પણ ક્યાંયથી મદદ મળી નહિ. મેં એક જ વસ્તુ અજમાવી જોઇ નહિઃ મારી હિંમત. અને પછી મેં મારી હિંમતની કસોટી કરવા માંડી કે સહસા મને યાદ આવ્યું કે



હું કાંઇ મરવાનો નથી. આત્મા માટે મૃત્યુ છે જ નહિ. અને દેહ માટે મૃત્યુ અવશ્યંભાવી છે, પણ એની અગત્ય નથી. હું શાશ્વત છું. મને શા માટે ભય લાગવો જોઇએ? હું એટલે મારું શરીર એમ હું માનતો આવ્યો છું એ મારી કેવડી મોટી મૂર્ખતા!

વીસેક મિનિટ જેટલા સમય સુધી હું એ ઝાડીને વળગીને લટકી રહ્યો હોઈશ. પછી મને મારા ગુરુએ એક વાત કરેલી તે યાદ આવી. તેમણે કહેલુંઃ જ્યારે તને ખરેખર મારી જરૂર હશે અને તું મારું સ્મરણ કરીશ, ત્યારે એક અથવા બીજી રીતે હું ત્યાં હઈશ. પણ તું આવું કરવાની આદત ન પાડતો.

મેં મારી હિંમતની કસોટી તો કરી લીધી હતી, એટલે હવે મને મારા ગુરુની કસોટી કરવાનું મન થયું.(શિષ્ય માટે આ સ્વાભાવિક બાબત છે. આખોયે વખત એને એના ગુરુની કસોટી કરવાની ઇચ્છા રહ્યા કરે છે. તે પોતાના ગુરુના દોષ જુએ છે, અને એમ કરીને તે પોતાની નબળાઇઓ જોવાનું ટાળે છે.)

અતિશય લોહી વહી જવાને કારણે મને અંધારા આવવા લાગ્યાં. બધું ધુંધળું દેખાવા લાગ્યું. મારી ચેતના લુપ્ત થવા લાગી. એ વખતે મેં કેટલીક સ્ત્રીઓને મારી ઉપરના રસ્તા પર બોલતી સાંભળી. તેઓ પોતાનાં ઢોર માટે મૂળિયાં અને ઘાસ એકઠું કરવા પહાડ પર આવી હતી. એમાંની એકે નીચે નજર કરી અને મને જોયો. તેણે બૂમ પાડીઃ ‘જુઓ એક મરેલો માણસ આ!’

મેં વિચાર્યું : એ લોકો જો એમ માનશો કે હું મરી ગયેલો છું. તો તેઓ મને આમ પડેલો રહેવા દેશે. હું એમને કેવી રીતે કંઇ જણાવી શકું? મારું માથું નીચે હતું અને પગ ઉપર હતા. એ

લોકો થોડાક સો ફૂટ છેટે હતાં. હું બોલી શકું તેમ નહોતો એટલે મેં પગ ઉલાળવા માંડ્યા.

તેમણે કહ્યુંઃ 'ના, એ કાંઇ મરી ગયેલો નથી. એના પગ હજુ હલે છે, એ હજી જીવતો હોવો જોઇએ.' એ સ્ત્રીઓ બહાદૂર હતી. તેમણે નીચે આવીને મારી કમર ફરતું દોરડું વીંટ્યું અને મને ઉપર ખેચ્યો અને ડાળી હજુ મારા પેટમાં ઘૂસેલી હતી. મને વિચાર આવ્યાઃ આ ખરેખર વીરતા દર્શાવવાની ક્ષણ છે. મેં પેટ અંદર લઇ ડાળી બહાર ખેંચી કાઢી. તેમણે મને ઉપર ખેંચી લીધો અને એક નાની પહાડી કેડી પર મને લઇ ગયાં. તેમણે પૂછ્યું કે મારાથી ચલાશે કે નહિ. મેં હા પાડી. પહેલાં તો મને મારી સ્થિતિ કેટલી ગંભીર છે તેનો ખ્યાલ ન આવ્યો, કારણ કે ડાળીને લીધે જે ઇજા થઇ હતી તે ઘણીખરી અંદરના ભાગમાં હતી. એમને થયું કે હું તો સંન્યાસી છું. એટલે એમની મદદ વગર હું મારી સંભાળ લઇ શકીશ. તેમણે મને એક કેડી પર ચાલવાનું કહ્યું. અને એક ગામ આવતાં મને મૂકીને તેઓ ચાલ્યાં ગયાં. મેં ચાલવાનો પ્રયત્ન કર્યો પણ થોડી મિનિટોમાં હું બેશુદ્ધ થઇને પડી ગયો. મેં મારા ગુરુનું સ્મરણ કર્યું તેમને કહ્યુંઃ 'મારી આવરદા પૂરી થઇ છે તમે મને મોટો કર્યો અને મારે માટે બધું જ કર્યું, પણ અત્યારે હું આત્મસાક્ષાત્કાર થયા પહેલાં જ મૃત્યુ પામી રહ્યો છું.'

અચાનક મારા ગુરુ ત્યાં ઉપસ્થિત થયા. મને લાગ્યું કે મારું મન ભ્રમણાનો ખેલ ખેલે છે. મેં કહ્યુંઃ 'તમે જ છો, ખરેખર? મને તો એમ કે તમે મને છોડી ગયા છો.'

તેમણે કહ્યુંઃ 'તું ચિંતા શું કામ કરે છે? તને કાંઇ થવાનું નથી. તને યાદ નથી કે આ દિવસે આ સમયે તારું મૃત્યું થશે



એવી આગાહી કરવામાં આવી હતી? આજે હવે તારે વધું વાર મૃત્યુ સન્મુખ રહેવાની જરૂર નથી. તને હવે સાવ સારું છે.'

ધીમે ધીમે મને ભાન આવ્યું. તેમણે થોડાં પાંદડાં લાવી તેને મસળી મારા ઘાવ પર મૂક્યાં. તે મને નજીકની એક ગુફામાં લઇ ગયા અને ત્યાં થોડા લોકો હતા તેમને મારી સંભાળ રાખવાનું કહ્યું. તેમણે કહ્યુંઃ 'મૃત્યુને પણ અટકાવી શકાય છે.' આમ કહી તે ચાલ્યા ગયા. પંદર દિવસમાં ઘાવ રુઝાઇ ગયો, પણ એનું નિશાન હજી મારા શરીર પર છે.

એ અનુભવે હું જાણી શક્યો કે એક સાચા નિઃસ્વાર્થ ગુરુ દૂર હોવા છતાં કેવી રીતે મદદ કરી શકે છે! મને સમજાયું કે ગુરુ-શિષ્યનો સંબંધ બધા સંબંધોમાં સૌથી ઊંચો અને સૌથી નિર્મળ છે. એનું વર્ણન થઇ શકે નહિ.

**('હિમાલયના સિદ્ધયોગી' માંથી)**

માણસનું શરીર શાંત થાય પછી આંખો મીંચીને તેની પૂજા કરવી તેના કરતાં તેનું શરીર હયાત હોય ત્યારે જ વિવેકી બનીને તેનો લાભ લેવો અને ગુણગાન ગાવા, તેમાં વધારે ડહાપણ અને મનુષ્યતા રહેલાં છે.

જે પરમાત્મને ભજે છે ને જાણે છે તેની કૃતાર્થતાનો અંત નથી.

પામર માનવ વિષયના રસમાં જ સર્વસ્વ માની લે છે, ઇન્દ્રિય ને મન બુદ્ધિના ક્ષેત્રમાં જ બંધાઇ જાય છે, ને તેથી જે અતીત છે, વિરાટ છે, એનો અનુભવ નથી કરતો.

**—યોગેશ્વરજી**